આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિદ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૬૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## દમણથી દિલ્હી વિમાનસેવા શરુ



**કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીએ પ્રથમ વ્યાપારી ફલાઇટને લીલી ઝંડી આપી : દર સોમવાર અને બુધવારે ફલાઈટ : સુધારેલ હવાઈ જોડાણ પ્રવાસન, વેપાર, રોકાણ, રોજગાર અને પ્રાદેશિક વિકાસને એક નવું પરિમાણ આપશે : મુંબઇ-અમદાવાદ રૂટ પણ શરુ કરાશે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ,તા. ૧૬ :** આજે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશો માટે એક ઐતિહાસિક દિવસ હતો, જ્યારે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ કિંજરાપુજીએ પ્રશાસક પ્રફુલ્લ પટેલની ઉપસ્થિતિમાં નમો એરપોર્ટ, દમણથી નવી દિલ્હી સુધીની પ્રથમ શેડ્યૂલ કરેલ વાણિજ્યિક ફલાઇટને લીલી ઝંડી આપી.

દમણથી શિડ્યુલ્ડ કોમર્શિયલ ફલાઇટ્સનો પ્રારંભ દમણના નાગરિકોની લાંબા સમયથી ચાલતી આકાંક્ષાને પૂર્ણ કરે છે અને કેન્દ્રશાસિત પ્રદેશમાં ઉડ્ડયન, પર્યટન અને આર્થિક વિકાસના નવા યુગની શરૂઆત કરે છે.

આ પ્રસંગે, એલાયન્સ એર દ્વારા તેની નિયમિત દમણ-દિલ્હી-દમણ સેવા શરૂ કરવામાં આવી છે, જે દર સોમવાર અને બુધવારે કાર્યરત રહેશે. વધુમાં, મુંબઈ-દમણ-અમદાવાદ રૂટ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે, જે દમણને દેશના મુખ્ય વ્યાપારી અને વહીવટી કેન્દ્રો સાથે સીધી હવાઈ જોડાણ પ્રદાન કરશે.

આ કાર્યક્રમને સંબોધતા, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી રામમોહન નાયડુ કિંજરાપુજીએ જણાવ્યું હતું કે દમણ અને નવી દિલ્હી વચ્ચે સીધી હવાઈ સેવા પ્ર-દેશિક જોડાણને મજબૂત બનાવવાની ભારત સરકારની પ્રતિબદ્ધતાનું એક મહત્વપૂર્ણ ઉદાહરણ છે.

સભાને સંબોધતા પ્રશાસક પ્રફુલ્લ પટેલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારત સરકારનો દમણને વિશ્વ કક્ષાનું ઉડ્ડયન માળખાગત સુવિધા પૂરી પાડવા બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે રાષ્ટ્રીય રાજધાનીમાં સીધી હવાઈ સેવા શરૂ થવાથી કનેક્ટિવિટી વધુ મજબૂત થશે, પ્રવાસન અને રોકાણને વેગ મળશે, વ્યાપારિક પ્રવૃત્તિઓનો વિસ્તાર થશે અને સમાવિષ્ટ અને ટકાઉ સામાજિક-આર્થિક વિકાસ માટે નવી તકો ઊભી થશે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૫ જૂન, ૨૦૨૬ ના રોજ દમણની મુલાકાત દરમિયાન નમો એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પહેલા, તેમણે ૨૫ એપ્રિલ, ૨૦૨૩ ના રોજ સિવિલ ટર્મિનલ બિલ્ડિંગનો શિલાન્યાસ કર્યો હતો અને માત્ર ત્રણ વર્ષમાં આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો, સંરક્ષણ મંત્રાલયે મે ૨૦૨૬ માં નમો એરપોર્ટ માટે રનવે વિસ્તરણ પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આનાથી મોટા સંરક્ષણ વિમાન અને એરબસ A320-ક્લાસ નાગરિક વિમાન બંનેનું સંચાલન શક્ય બનશે. આ વ્યૂહાત્મક વિસ્તરણ પ્રાદેશિક હવાઈ જોડાણને વધુ મજબૂત બનાવશે, રાષ્ટ્રીય સુરક્ષા તૈયારીઓને મજબૂત બનાવશે અને ભારતના પશ્ચિમ કિનારા પર દમણને એક ઉભરતા ઉડ્ડયન અને પ્રવાસન કેન્દ્ર તરીકે સ્થાપિત કરશે, જેનાથી પ્રવાસન, વેપાર, રોકાણ અને આર્થિક વિકાસ માટે નવી તકો ખુલશે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI), એલાયન્સ એર, જનપ્રતિનિધિઓ, કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટના વરિષ્ઠ અધિકારીઓ, આમંત્રિત મહેમાનો અને મીડિયા પ્રતિનિધિઓ આ ઐતિહાસિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

## વાપીના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ સાથે રૂા. ૧ લાખથી વધુની ઓનલાઈન ઠગાઈ




**મુંબઈ મહાનગર પાલિકામાંથી ગેસ બિલ માટે વોટસએપ પર લીંક મોકલી હોવાનું કહી APK ફાઈલ મોકલી બેંક કાર્ડની માહિતી મેળવી રૂપિયા ઉપાડી લીધા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપીમાં ઓનલાઈન ઠગાઈનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. સાયબર ઠગોએ વાપીના એક પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ કમ હોસ્પિટલના ટ્રસ્ટી સાથે ૧ લાખથી વધુ રૂપિયાની છેતરપિંડી કરી છે.

મળતી માહિતી મુજબ, ઠગોએ પોતાની ઓળખ મહાનગર પાલિકા મુંબઈ ગેસ કનેક્શને તરીકે આપી હતી. ત્યારબાદ વોટ્સએપ પર ગેસ બિલની લિંક હોવાનું કહી એક APK ફાઈલ મોકલી હતી. ઉદ્યોગપતિએ તે ફાઈલ ઓપન કરતાં જ તેમના મોબાઈલની માહિતી હેક થઈ ગઈ હતી.

ઠગોએ આ તકનો લાભ લઈ પહેલા એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડનો CVC નંબર મેળવ્યો. ત્યારબાદ ICICI બેંકના કાર્ડનો CVC નંબર અને એક્સપાયરી તારીખની માહિતી પણ મેળવી લીધી હતી. આ માહિતીના આધારે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરીને ઉદ્યોગપતિના ખાતામાંથી ૧ લાખથી વધુ રૂપિયા ઉપાડી લીધા હતા.

ઘટનાની જાણ થતાં જ ઉદ્યોગપતિએ તાત્કાલિક બેંકને જાણ કરી કાર્ડ બ્લોક કરાવ્યા હતા અને સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન નંબર પર ફરિયાદ કર્યા બાદ વાપી ઔધોગ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સાયબર સેલની મદદથી તપાસ હાથ ધરી છે.

પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે કોઈપણ અજાણી લિંક, ખ્ભ્દ્દ ફાઈલ કે મેસેજ પર ક્લિક ન કરો. બેંક કે સરકારી એજન્સીના નામે ફોન કે મેસેજ આવે તો તેની સત્તાવાર રીતે ખરાઈ કર્યા વિના કોઈ માહિતી શેર ન કરો.

## વાપીમાં રખડતા શ્વાનનો ત્રાસ વધ્યો



**રોજ ૮ થી ૧૦ લોકોને ડોગ બાઈટ : છેલ્લા ૬ મહિનામાં ૧૭૬૨ કેસ નોંધાયા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. શહેરના રસ્તાઓ, ફૂટપાથ અને રહેણાંક વિસ્તારોમાં ટોળાબંધ ફરતા શ્વાનોને કારણે નાગરિકો ભયના ઓથામાં જીવી રહ્યા છે. આરોગ્ય વિભાગના આંકડા મુજબ વાપીમાં રોજ સરેરાશ ૮ થી ૧૦ લોકો રખડતા શ્વાનના કરડવાના શિકાર બને છે. છેલ્લા ૬ મહિનામાં શહેરમાં કુલ ૧૭૬૨ ડોગ બાઈટના કેસ નોંધાયા છે. જેમાં બાળકો, વૃદ્ધો અને મહિલાઓની સંખ્યા વધુ છે. સવાર-સાંજ વોક માટે નીકળતા લોકો અને સ્કૂલે જતા બાળકોને સૌથી વધુ તકલીફ પડી રહી છે.

વધતા કેસને ધ્યાનમાં રાખીને વાપી મહાનગરપાલિકાની ગત સામાન્ય સભામાં રખડતા શ્વાનને પકડી નસબંધી અને રસીકરણ કરવા મુદ્દે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપા દ્વારા ટૂંક સમયમાં વિશેષ ઝુંબેશ ચલાવી શ્વાનને પકડવાની કામગીરી શરૂ કરવામાં આવશે. આ અંગે ચલા સામૂહિક આરોગ્ય કેન્દ્રના RMO ડો. નીતિન પટેલે જણાવ્યું કે, ચલા CHCમાં ડોગ બાઈટ વિરોધી રસી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. જો શ્વાન કોઈને કરડ્યા બાદ ૨ દિવસમાં મૃત્યુ પામે તો દર્દીએ ૪ ઈન્જેક્શન લેવા ફરજિયાત છે. જો શ્વાન જીવિત રહે તો ડોક્ટરની સલાહ મુજબ ૨ ઈન્જેક્શનનો કોર્સ પૂરતો રહે છે.

## ધરમપુર સ્ટેટ હોસ્પિ.માં સારવાર સમયે બાળકના મોતથી હંગામો : પોલીસ પહોંચી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૬ :** વાસંદા તાલુકાના ચૌંઢા ગામના ૫ વર્ષીય બાળકનું ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થતાં પરિવારજનોએ નારાજગી દર્શાવી હતી જોકે બાદમાં હોસ્પિટલના તબીબો અને પોલીસ દ્વારા પરિવારજનોને સમગ્ર બાબતે સમજાવતાં મામલો શાંત પડ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ચૌંઢા ગામના રહીલ દિવ્યેશ પવાર (ઉંમર ૫ વર્ષ) છેલ્લા બે-ત્રણ દિવસથી પોતાના નાના પાસે અંકલાછ ગામે ગયો હતો જ્યાં બુધવારે અચાનક રહીલ ની તબિયત લથડતા ઉલ્ટીઓ શરૂ થતાં પરિવારજનોએ પ્રથમ અંકલાછ પીએચસી ખાતે સારવાર માટે ખસેડ્યા હતા. ત્યારબાદ સવારે ફરીથી બાળકની તબિયત વધુ લથડતાં તેને વધુ સારવાર માટે



ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં સારવાર દરમિયાન સવારે આશરે ૧૦ વાગ્યે બાળકને ખેંચ આવતાં તેનું મોત નિપજ્યું હતું. બાળકના મોત બાદ પરિવારજનોએ તબીબી સારવાર અંગે નારાજગી વ્યક્ત કરી હતી. ઘટનાની જાણ થતાં ધરમપુર પોલીસ હોસ્પિટલ પહોંચી હતી. પોલીસ અને હોસ્પિટલના તબીબોએ પરિવારજનોને સમજાવટ બાદ પરિસ્થિતિ સામાન્ય બની હતી. પરિવારજનોએ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવાની ના પાડી સોગંદનામું લખી આપ્યું હતું. ત્યારબાદ હોસ્પિટલ દ્વારા જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી પી એમ વિના બાળકનો મૃતદેહ પરિવારજનોને સુપરત કરવામાં આવ્યો હતો.

**શોપીંગમાં દુકાન વેચાણથી આપવાની છે**

વાપીમાં

એક દમ વ્યાજબી ભાવથી

સુપરસ્ટોર, કલાસીસ, દવાખાના લાયક

(લાઈટ-પાણીની સુવિધા સાથે)

દુકાન નં. G-1 (542 Sq.tt.), G-2 (542 Sq.tt.), G-3 (542 Sq.tt.), G-5 (542 Sq.tt.)

સ્થળ : લેક પ્લેસ રેસીડેન્સી શોપીંગમાં, ગુરુદ્વારા સામે, લેકયુની બાજુમાં મેઈન રોડ, ડુંગરા-વાપી

સંપર્ક : 7567773331

દલાલોએ તસ્દી લેવી

## વલસાડમાં 'જય રણછોડ, માખણ ચોર'ના નાદ સાથે રથયાત્રા સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** અષાઢી બીજના પવિત્ર અવસરે આજે વલસાડના છીપવાડ માં આવેલા શ્રી જગન્નાથ મંદિરેથી આજે ભગવાન જગન્નાથજીની ૩૧મી ભવ્ય રથયાત્રા પરંપરાગત શ્રદ્ધા અને ઉલ્લાસભેર નીકળી હતી. બપોરે ૧૨:૩૦ કલાકે 'જય રણછોડ માખણ ચોર'ના ગગનભેદી નારાઓ સાથે ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીની મૂર્તિઓને રથમાં બિરાજમાન કરવામાં આવી હતી. રથયાત્રાના પ્રારંભ પૂર્વે વહેલી સવારે મંદિરમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર વિશેષ પૂજા-અર્ચના અને મંગળા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારથી જ



ભગવાનના દર્શન અને આશીર્વાદ મેળવવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું.

આ પાવન પ્રસંગે વલસાડના સાંસદ ધવલભાઈ પટેલ, ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, શિવજી મહારાજ સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

તેઓએ ભગવાનના દર્શન કરી આરતી ઉતારી હતી અને રથયાત્રાના મંગલ પ્રારંભ કરાવી નગરજનોને અષાઢી બીજની શુભકામનાઓ પાઠવી હતી. શહેરના વિવિધ માર્ગો પર ભક્તો દ્વારા ભગવાનના રથનું ઠેર-ઠેર ભાવભીનું અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાની અધ્યક્ષપણા હેઠળ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## વાપી મનપાનું ફૂટપાથ પર પ્લાન્ટેશન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરને સુંદર બનાવવાના નામે કરવામાં આવેલ પ્લાન્ટેશન રાહદારીઓ માટે મુશ્કેલી બની રહ્યું છે. લખમદેવ ગાર્ડન જતા મુખ્ય રોડની બંને તરફ આવેલા ફૂટપાથની એકદમ વચ્ચોવચ પ્લેન્ટેશન કરી ઝાડ રોપવામાં આવ્યા છે.ભવિષ્યમાં આ ઝાડ મોટા થતાં ફૂટપાથનું અસ્તિત્વ નહીં રહે. આ કારણે ચાલવા માટે અડચણ થઈ રહી છે. સવાર-સાંજ સ્કૂલના બાળકો, વૃદ્ધો અને મહિલાઓને રોડ પર ઉતરીને ચાલવાની ફરજ પડે છે. વાહનોના ધસારા વચ્ચે અકસ્માતનો ભય પણ સત રહે છે. તાજેતરમાં સુનીમ કોર્ટે પણ ચુકાદો આપ્યો હતો




કે ફૂટપાથ માત્ર રાહદારીઓ માટે જ છે

અને તેના પર કોઈપણ પ્રકારનું દબાણ કે અવરોધ ન હોવો જોઈએ. સ્થાનિક રહીશો અને સામાજિક કાર્યકરોએ માંગ કરી છે કે મનપા તાત્કાલિક ફૂટપાથ પરથી પ્લાન્ટેશન હટાવી રાહદારીઓ માટે ફૂટપાથ ખુલ્લી કરે તે જરૂરી છે. સુંદરિકરણની સાથે લોકોની સુવિધા પણ જરૂરી છે.

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301


સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S

**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10



12th Year Anniversary


SPECIAL OFFERS

Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW

School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## ઉમરગામ શહેર ભાજપના પ્રભારી તરીકે પરેશ દેસાઈની વરણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવા વલસાડ જિલ્લાના વિવિધ મંડળોના પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી છે. આ અંતર્ગત વાપી નગરપાલિકાના માજી પ્રમુખ અને ભાજપના અગ્રણી પરેશભાઈ બાલુભાઈ દેસાઈને ઉમરગામ શહેર ભાજપના પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશના મોવડી મંડળ, વલસાડ જિલ્લા પ્રભારી વિનયભાઈ શુક્લા, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા દ્વારા ચર્ચા વિચારણા કર્યા બાદ જિલ્લાના વિવિધ તાલુકાના પ્રભારીઓની નિમણૂક જાહેર કરવામાં આવી હતી. જેમાં ઉમરગામ શહેર ભાજપના પ્રભારી તરીકે પરેશભાઈ દેસાઈની નિમણૂક કરાઈ છે. આ નિમણૂકો જાહેર કરવામાં આવી હતી.

પરેશભાઈ દેસાઈ વાપી નગરપાલિકાના માજી પ્રમુખ રહી ચૂક્યા છે તેમજ ડુંગરા વિસ્તારમાંથી સતત ત્રણ ટર્મ સુધી સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. તેઓ લાંબા સમયથી ભાજપ સંગઠનમાં સક્રિય રહી વિવિધ સંગઠનાત્મક જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી ચૂક્યા છે. તેમની સંગઠન ક્ષમતા અને રાજકીય અનુભવને ધ્યાનમાં રાખીને ઉમરગામ શહેર ભાજપના પ્રભારી તરીકે તેમની પસંદગી કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. તેમની નિમણૂકને ઉમરગામ વિધાનસભા વિસ્તારના ભાજપ કાર્યકરો અને આગેવાનો દ્વારા આવકારી શુભેચ્છાઓ આપવામાં આવી રહી છે.

## બીલીમોરામાં ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઈ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૧૬ :** બીલીમોરા દ્વારકાધીશ મંદિરેથી જય જગન્નાથ અને જયશ્રી ક્રિષ્નાના ગગનભેદી જયઘોષ સાથે રથયાત્રા નીકળી હતી. બીલીમોરા શહેરમાં ઠેર ઠેર રથયાત્રાનું ભવ્ય સ્વાગત સાથે નગરયાત્રામાં જોડાયેલા ભક્તો માટે ઠંડા પીણાં અને લીંબુ સરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી.

બીલીમોરા શહેરમાં ગુરુવારે જય રણછોડના નાદ સાથે ઐતિહાસિક ૩૯મી રથયાત્રા નીકળી હતી. જેમાં સેંકડો ભક્તો એ રથ ખેંચી ધન્યતા અનુભવી હતી.

બીલીમોરા પશ્ચિમે દ્વારકાધીશ મંદિરેથી વર્ષોવર્ષની પરંપરા મુજબ અષાઢી બીજે ભગવાન નગરચર્યા એ નીકળ્યા હતા. જે રથયાત્રા પશ્ચિમ થી પૂર્વ વિસ્તારમાં કોલેજ સુધીના રાજમાર્ગો ઉપર ફરી પરત રેલ્વે ઓવરબ્રિજ, સ્ટેશન રોડ, તીન બત્તી, ગંગામાતામંદિર અને વખારીયા બંદર રોડ થઈ નિજ મંદિરે પહોંચી હતી. શણગારેલા રથ, બે મોડીફાઈડ ગાડી, ભગવાનનું મનમોહક સ્વરૂપ, ડીજેના તાલે ગીત ભજનોની રમઝટ, જય જગન્નાથ, જય રણછોડના નાદ અને સેંકડો ભક્તોની ઉપસ્થિત એ રાજમાર્ગો ઉપર આકર્ષણ જમાવ્યું હતું. રથયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરાયું હતું. સ્ટેશન મિનારા મસ્જિદ પાસે મુસ્લિમ સમુદાયના લોકો દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાતા હિન્દુ મુસ્લિમ ભાઈચારાના દ્રશ્યો જોવા મળ્યા હતા. પરંપરાગત પ્રસાદ ગ્રહણ કરી ભક્તોએ સૌ માટે સુખમય જીવનની પ્રાર્થના કરી હતી. શ્રદ્ધાળુઓ, ભક્તો, સંતો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું.

રથયાત્રામાં ૧ ડીવાયએસપી,૨ પીઆઇ, ૧ પીએસઆઇ, ૩૪ પોલીસ અને હોમગાર્ડ જીઆરડી અને ટીઆરબી જવાન ૪૫ સહિત કુલ ૮૨ પોલીસ કાફલાના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે રથયાત્રા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

---

**No. MAM/SIL/RTS/RBD-DNH/21/Birth/2026/1860 Dated 07/04/2026**

**APPLICANT - Kiranbhai Kalanbhai Varli,**
**Presently residing at-Gohil Faliva, Naroli, DNH.**
**Mo. 9687152555**

**V/S**

**OPPONENTS - The Registrar of Births & Deaths, Naroli.**

**NOTICE**

The public to take note that the above, named applicant Kiranbhai Kalanbhai Varli, who was borm on 02/01/1965 at Naroli, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Naroli. Hence, the applicant has moved on application to pass an order to register birth of Kiranbhai Kalanbhai Varli. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

**Sd/-**
**RTS-I**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૬૮/૨૦૨૬**

**અરજદાર : શ્રી વસ્યાભાઈ માહદુભાઈ ઢીઢેલા**
**ઉ.આ.વ.૬૯, ધંધો-ખેતી રહે.** પટેલપાડા, નંદીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ડી.એસ. ધોડી)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી નંદીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વસ્યાભાઈ માહદુભાઈ ઢીઢેલા** રહે. પટેલપાડા, નંદીગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના મામા **સુરજીભાઈ ગોપજીભાઈ ડાવરીયાનું** મરણ તા.૧૨-૧૦-૧૯૮૫ના રોજ મોજે - નંદીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૬૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૧૧૦/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** ગંગાબેન મિનેશભાઈ ચૌધરી, રહે. તીસ્કરી તલાટ, પટેલ ફ. તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત તિસ્કરી તલાટ,**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ગંગાબેન મિનેશભાઈ ચૌધરી**ના સાસુ, **રમીલાબેન રમણભાઈ ચૌધરી**નું અવસાન તા.૦૧/૦૧/૧૯૮૨નાં રોજ તીસ્કરી તલાટ ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૮૯/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** સેવન્તીબેન બુધિયાભાઈ પવાર, રહે. પંગારબારી, જાદવ ફ., તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ ગૃપ પંચાયત, પંગારબારી, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **સેવન્તીબેન બુધિયાભાઈ પવાર** રહે. પંગારબારી, જાદવ ફ., તા.ધરમપુર જી.વલસાડના પુત્ર **રમેશભાઈ બુધિયાભાઈ પવાર**નો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૯નાં રોજ પંગારબારી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૯૦/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** ગાયકવાડ રાજુભાઈ પરસ્યાભાઈ, રહે. ખપાટીયા, નિશાળ ફ., તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ ગૃપ પંચાયત, તુતરખેડ, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ગાયકવાડ રાજુભાઈ પરસ્યાભાઈ** રહે. ખપાટીયા, નિશાળ ફ., તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **રૂપાલીબેન રાજુભાઈ ગાયકવાડ**નો જન્મ તા.૧૮/૦૫/૨૦૨૨નાં રોજ ખપાટીયા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
ઈ-મેઈલ - **pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૮૮/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૭/૦૭/૨૦૨૬**

**વાદી : શ્રી પિન્ટુભાઈ અનિલભાઈ રાઠોડ,**
**રહે.** વાંઝણા, હેડકાકા ફળિયા તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, બામણવેલ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પિન્ટુભાઈ અનિલભાઈ રાઠોડ**, રહે. વાંઝણા, હેડકાકા ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના પોતાનો જન્મ તા.૨૩/૦૮/૧૯૯૦ના રોજ મોજે. બામણવેલ, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૮૦/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** સંગીતાબેન મનોજભાઈ ચૌધરી, રહે. ઝરીયા, પટેલ ફ., તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત, ઝરીયા, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **સંગીતાબેન મનોજભાઈ ચૌધરી** રહે. ઝરીયા, પટેલ ફ., તા.ધરમપુર જી.વલસાડના પુત્ર **ભાર્ગવ મનોજભાઈ ચૌધરી**નો જન્મ તા.૨૦/૦૫/૨૦૦૩નાં રોજ ઝરીયા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૮૭/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** બાળુભાઈ કિશનભાઈ બઠાલે, રહે. સીંગારમાળ, સીદપાડા ફ., તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ ગૃપ પંચાયત, શીંગારમાળ, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **બાળુભાઈ કિશનભાઈ બઠાલે** રહે. સીંગારમાળ, સીદપાડા ફ., તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **રોશનીબેન બાળૂભાઈ બઠાલે**નો જન્મ તા.૨૫/૦૮/૨૦૧૪નાં રોજ સીંગારમાળ ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૯૭/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** ચૌધરી પરસુભાઈ ઝીમનેભાઈ, રહે. બોરપાડા ફ., સોનદર, તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત, સોનદર, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ચૌધરી પરસુભાઈ ઝીમનેભાઈ** રહે. બોરપાડા ફ., સોનદર, તા.ધરમપુર જી.વલસાડના પુત્ર **ચૌધરી ચંદ્રકાન્તભાઈ પરસુભાઈ**નો જન્મ તા.૧૫/૦૩/૨૦૧૩નાં રોજ સોનદર ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
ઈ-મેઈલ - **pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૬૩/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૪/૦૭/૨૦૨૬**

**વાદી : શ્રી શારદાબેન નરોત્તમભાઈ પટેલ તે જગદીશભાઈ પટેલની પત્ની,**
**રહે.** સાદડવેલ, દેસાઈ ફળિયા, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, કુકેરી, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શારદાબેન નરોત્તમભાઈ પટેલ**, રહે. સાદડવેલ, દેસાઈ ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૭ના રોજ મોજે. કુકેરી, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૮૫/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** વળવી ઈવનાભાઈ સુલભેભાઈ, રહે. પીપલપાડા, નવીનગરી ફ., તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ ગૃપ પંચાયત, પીપલપાડા, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **વળવી ઈવનાભાઈ સુલભેભાઈ** રહે. પીપલપાડા, નવીનગરી ફ., તા.ધરમપુર જી.વલસાડના પુત્ર **જોયેલભાઈ ઈવનાભાઈ વળવી**નો જન્મ તા.૦૯/૦૩/૨૦૧૯નાં રોજ પીપલપાડા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
ઈ-મેઈલ - **pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૬૭/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૨/૦૬/૨૦૨૬**

**વાદી : શ્રી પરમાર ભીખાભાઈ કાલભાઈ ઉર્ફે કાળાભાઈ,**
**રહે.** ડભાલી, તા.ગળતેશ્વર, જી.ખેડા

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, આલીપોર, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પરમાર ભીખાભાઈ કાલભાઈ ઉર્ફે કાળાભાઈ**, રહે. ડભાલી, તા.ગળતેશ્વર, જી.ખેડાનાઓએ તેઓના ભાઈશ્રી **સ્વ. ગણપતભાઈ કાળાભાઈ પરમાર**નું મરણ તા.૦૭/૦૮/૨૦૨૧ના રોજ મોજે. આલીપોર, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૬૭/૨૦૨૬**

**અરજદાર : શ્રી વસ્યાભાઈ માહદુભાઈ ઢીઢેલા**
**ઉ.આ.વ.૬૯, ધંધો-ખેતી રહે.** પટેલપાડા, નંદીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ડી.એસ. ધોડી)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી નંદીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **વસ્યાભાઈ માહદુભાઈ ઢીઢેલા** રહે. પટેલપાડા, નંદીગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકા **કાત્યા ધર્મા કાટેલાનો** મરણ તા.૦૨-૦૯-૧૯૮૨ના રોજ મોજે - નંદીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/ર.જી.નં.૬૭/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
ઈ-મેઈલ - **pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૮૭/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૯/૦૬/૨૦૨૬**

**વાદી : શ્રી મુકેશભાઈ કાંતિલાલ પટેલ,**
**રહે.** ખૂંધ, ગાયત્રીકૃપા સોસાયટી, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ખૂંધ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મુકેશભાઈ કાંતિલાલ પટેલ**, રહે. ખૂંધ, ગાયત્રીકૃપા સોસાયટી, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના નાનીશ્રી **સ્વ. બબુબેન શંકરદાસ પટેલ**નું મરણ તા.૨૦/૦૫/૧૯૯૫ના રોજ મોજે. ખૂંધ, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
ઈ-મેઈલ - **pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૪૦૮/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૭/૦૭/૨૦૨૬**

**વાદી : શ્રી બબલીબેન મોરારભાઈ પટેલ,**
**રહે.** રાનવેરીખુર્દ, દાદરી ફળિયા, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, રાનવેરીખુર્દ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **બબલીબેન મોરારભાઈ પટેલ**, રહે. રાનવેરીખુર્દ, દાદરી ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના પુત્ર **સ્વ. સુરેશભાઈ મોરારભાઈ પટેલ**નું મરણ તા.૨૦/૧૧/૧૯૮૯ના રોજ મોજે. રાનવેરીખુર્દ, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
ઈ-મેઈલ - **pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૪૧૬/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૭/૦૭/૨૦૨૬**

**વાદી : શ્રી અસ્મિતાબેન જગુભાઈ પટેલ તે કમલેશભાઈ પટેલની પત્ની,**
**રહે.** ગણદેવા રોડ ફળિયા, તા.ગણદેવી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગણદેવા, તા.ગણદેવી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અસ્મિતાબેન જગુભાઈ પટેલ તે કમલેશભાઈ પટેલની પત્ની**, રહે. ગણદેવા રોડ ફળિયા, તા.ગણદેવી, જી.નવસારીનાઓએ તેઓના માતાશ્રી **સ્વ. રમીલાબેન જગુભાઈ પટેલ**નું મરણ તા.૨૬/૦૫/૨૦૦૫ના રોજ મોજે. ગણદેવા, તા.ગણદેવી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

---

**પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
ઈ-મેઈલ - **pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૪૧૫/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૭/૦૭/૨૦૨૬**

**વાદી : શ્રી રમીલાબેન જગદીશભાઈ પટેલ,**
**રહે.** રાનકુવા, પટેલ ફળિયા, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, રાનકુવા, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રમીલાબેન જગદીશભાઈ પટેલ**, રહે. રાનકુવા, પટેલ ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના સાસુશ્રી **સ્વ. રાયલીબેન મકનભાઈ પટેલ**નું મરણ તા.૦૭/૦૬/૧૯૭૨ના રોજ મોજે. રાનકુવા, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

## વલસાડમાં 'વલસાડ ગોટ ટેલેન્ટ' કાર્યક્રમ સંપન્ન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** દક્ષિણ ગુજરાતની કલાપ્રેમી જનતા માટે સતત ૧૨માં વર્ષે પ્રતિભા યાત્રાનો વધુ એક યાદગાર અધ્યાય ઉડાન ધ વિંગ્સ ઓફ ચેરીટેબલ ટ્રસ્ટના ડો. જાનકી ત્રિવેદી દ્વારા ૧૧ અને ૧૨ જુલાઈ, ૨૦૨૬ સંસ્કાર કેન્દ્ર હોલ ખાતે વલસાડ ગોટ ટેલેન્ટ ૨૦૨૬ કાર્યક્રમ આયોજિત થયો. આ કાર્યક્રમમાં લાયન્સ ઈન્ટરનેશનલ ઉડાન ની સાથે જોડાયું હતું. જેમાં દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી ૮૯૩ સ્પર્ધકો અને કલા રસિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બે દિવસ સુધી ચાલેલા આ મેગા ટેલેન્ટ ફેસ્ટિવલમાં સિંગિંગ, મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટ પ્લેઈંગ, વેસ્ટર્ન ડાન્સ, ઈન્ડિયન ક્લાસિકલ ડાન્સ, સેમી ક્લાસિકલ ડાન્સ તથા ટ્રેડિશનલ ફેશન શો જેવી કુલ ૬ સ્પર્ધાઓનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

જલારામ મનોવિકાસ કેન્દ્રના મેન્ટલી ચેલેન્જડ બાળકોના વિશેષ પરફોર્મન્સ દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તમામ બાળકોને મંચ પર વિશેષ સન્માન અને ઈનામો આપી સંસ્થા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે બીલીમોરાના નિલેશભાઈ પટેલ, વલસાડથી ભવીબેન ગજ્જર અને નવીનભાઈ પટેલ, નવસારીના નીતુબેન, મુંબઈના ઈશાબેન શાહ તથા વાપીના દીપકભાઈ નોનિયર એ નિષ્પક્ષ મૂલ્યાંકન કરીને સ્પર્ધાની ગુણવત્તામાં વધારો કર્યો હતો. આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે અનેક દાતાઓ અને સ્પોન્સર્સે ઉદાર સહયોગ આપ્યો હતો. જેમાં શાંતિ પીસ ફાઉન્ડેશનના કીર્તિભાઈ પટેલ, જલારામ ફાઈનાન્સના ઠાકોરભાઈ ઢીંમર, વિકેરના વિરલભાઈ બલસારા, એક્સેલના અજીતભાઈ પટેલ, નેચર ટ્રાવેલ્સ લિન્કના નિલયભાઈ ખરા, યુગ સ્ટુડીઓના ભરતભાઈ મહેતા તથા કેઆરએફના રાકેશભાઈ ચૌહાણનો વિશેષ ફાળો રહ્યો હતો. આયોજકોએ તમામ સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.કાર્યક્રમના સમાપન પ્રસંગે લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ જરના ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન હેમલ પટેલ, પાસ્ટ ડીસ્ટ્રીકટ ગવર્નર પરેશભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં લાયન્સની કુલ ૧૩ કલબો સહભાગી બની યોગદાન આપ્યું હતું.

## વલસાડમાં આર્થિક સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

### શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ દ્વારા ૩૬ લાભાર્થીઓને રૂ. ૧,૨૦,૪૬૯ની આર્થિક સહાયનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ દ્વારા તાજેતરમાં તારીખ ૧૧, ૧૨ અને ૧૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ એક વિશેષ આર્થિક સહાય વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થાના કર્મનિષ્ઠ કાર્યકરો દ્વારા લાભાર્થીઓના ઘરે રૂબરૂ મુલાકાત લઈને પારદર્શક રીતે આર્થિક સહાય પહોંચાડવામાં આવી હતી.

સંસ્થા દ્વારા અલગ-અલગ કેટેગરીમાં કુલ ૩૬ લાભાર્થીઓને રૂ. ૧,૨૦,૪૬૯ ની સહાય રાશીનું વિતરણ કરવામાં આવ્યું છે,

નિરાધાર સહાય ૧૪ નિરાધાર ભાઈ-બહેનોને પ્રતિ માસ રૂ. ૬૦૦ લેખે, ૩ મહિનાના રૂ. ૧૮૦૦ પ્રમાણે કુલ રૂ. ૨૫,૨૦૦ ની સહાય, દિવ્યાંગ સહાય ૮ દિવ્યાંગ લાભાર્થીઓને ૩ મહિનાના રૂ. ૧૮૦૦ લેખે કુલ રૂ. ૧૪,૪૦૦ ની સહાય.

વિધવા સહાયેં ૬ વિધવા બહેનોને ૩ મહિનાના રૂ. ૧૮૦૦ લેખે કુલ રૂ. ૧૦,૮૦૦ ની સહાય, વિશેષ સંજોગોમાં સહાય ૧ લાભાર્થીને ૩ મહિનાના રૂ. ૧૮૦૦ લેખે કુલ રૂ. ૧,૮૦૦ ની સહાય, શૈક્ષણિક સહાય ૩ વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે કુલ રૂ. ૧૨,૦૦૦ ની સહાય, પોલિસી કલેમ ૪ લાભાર્થીઓને કુલ રૂ. ૫૬,૨૬૯ ની સહાય ચૂકવવામાં આવી છે. આ સમગ્ર સેવાકીય પ્રવૃત્તિ ગીજેન્દ્રભાઈ પીઠાવાલાના યોગ્ય માર્ગદર્શન હેઠળ સંસ્થાના સક્રિય કાર્યકરો બિપીનભાઈ કલવાડીયા, હિરેનભાઈ સુરતી, રૂપેશભાઈ રાધારી તેમજ અમિતભાઈ મેહવાલા દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. તમામ કાર્યકરોએ લાભાર્થીઓના ઘર સુધી પહોંચીને આ સહાય સુપરત કરી હતી. કાર્યક્રમની સફળતા બાદ સંસ્થાના પ્રમુખ અનુપભાઈ મેહવાલાએ આ ઉમદા કાર્યમાં આર્થિક સહયોગ આપનાર નિરાધાર ફંડના તમામ દાતા ઓ તેમજ તમામ કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને સંસ્થા સમાજ ઉપયોગી કાર્યો માટે સદાય તત્પર રહેશે તેમ જણાવ્યું હતું.

### ખાનવેલ રિસોર્ટના નિર્મલ જૈન દ્વારા

## ચુડામાં ૧ લાખ વૃક્ષોનું વાવેતર કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીના સેલવાસ ની ખાનવેલ રિસોર્ટના નિર્મલ જૈન દ્વારા પ્લાન્ટ ટુ સેવ ધ પ્લાન્ટ અંતર્ગત ચુડા ગામમાં એક લાખ વૃક્ષનું વાવેતર કરી સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે. પર્યાવરણ અને પરિસ્થિતિ વિજ્ઞાનના જતનના અત્યંત જરૂરી એવા આ અભિયાનમાં મહારાષ્ટ્રના પુનાના સેવાભાવી આર એમડી ફાઉન્ડેશનના અધ્યક્ષ શોભા તાઈ ધારીવાલાની વિશેષ ઉપસ્થિતિમાં અનેક જન પ્રતિનિધિઓની સાથે કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણના મુખ્ય આયોજક અને ખાંડવેલ રિસોર્ટના નિર્મલ જૈનના જણાવ્યા અનુસાર સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીમાં પર્યાવરણ સરક્ષણ અને હરિયાળી વધારવાના ઊંડા ઉદ્દેશથી યોજાયેલા આ વિશાળ વૃક્ષારોપણ અભિયાનમાં સ્થાનિક આદિવાસી સમાજના સભ્યો સ્વયંસેવકો તેમજ ખાનવેલ રિસોર્ટના કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા આ અભિયાનને મુખ્ય ઉદ્દેશ પર્યાવરણ પ્રત્યે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો તેમજ વૃક્ષોનું મહત્વ સમજાવવાનો અને સ્વસ્થ વિશ્વ માટે વધુમાં વધુ લોકોની સક્રિયતા ભાગીદારી કરવાનો હતો સાથે આજે રોકવામાં આવેલા વૃક્ષોનું જતન પર ખાસ ધ્યાન રાખવામાં આવશે.

## સલવાવ ફાર્મસી કોલેજ દ્વારા ભેદભાવ વિરોધી જાગૃતિ સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** સલવાવ-વાપી ખાતે આંતરિક ગુણવત્તા ખાતરી સેલના માર્ગદર્શન હેઠળ તથા એન્ટી-ડિસ્ક્રિમિનેશન ભેદભાવ સેલ, મહિલા વિકાસ સેલ, એન્ટી-રેગિંગ સેલ અને જેન્ડર સેન્સિટાઈઝેશન સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૪મી જુલાઈ, ૨૦૨૬ના રોજ સન્માનપૂર્ણ અને સર્વસમાવેશક વાતાવરણનું નિર્માણ વિષય પર ભેદભાવ વિરોધી જાગૃતિ સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન સંસ્થાના એકેડેમિક ડિરેકટર પ્રોફેસર ડૉ. શૈલેષ વી. લુહારના માર્ગદર્શન હેઠળ તેમજ કોલેજના આચાર્ય ડો.સચિન બી. નારખેડે દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કો-ઓર્ડીનેટર આસીસ્ટન્ટ પ્રોફેસર નિશા પાટીલ દ્વારા થયુ હતું.

સેમિનારનું માર્ગદર્શન આસીસ્ટન્ટ પ્રોફેસર રિચા સિંહ દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે વ્યવહારુ ઉદાહરણો, સંવાદાત્મક ચર્ચાઓ અને કેસ સ્ટડીના માધ્યમથી ભેદભાવની સંકલ્પનાને સરળ અને અસરકારક રીતે સમજાવી હતી. તેમણે વિદ્યાર્થીઓમાં સહાનુભૂતિ, પરસ્પર સન્માન અને ભેદભાવ સામે અવાજ ઉઠાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. સાથે જ, સુરક્ષિત, સમાનતાપૂર્ણ અને સર્વસમાવેશક કોલેજ સંસ્કૃતિના નિર્માણમાં જવાબદાર નાગરિક તરીકે પોતાની સકારાત્મક ભૂમિકા નિભાવવા માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા.

## વાપી ટાંકી ફ. વિસ્તારમાં ઠેર-ઠેર કચરાના ઢગલાં

### સેલવાસ રોડને જોડતા આંતરિક રોડ પર સફાઈ થતી નથી, લોકો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપીના ટાંકી ફળિયા વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. સેલવાસ રોડને જોડતા આંતરિક રસ્તાઓ પર દિવસો સુધી કચરો પડ્યો રહેતા સ્થાનિક રહેવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે.વિસ્તારમાં ઠેર-ઠેર પ્લાસ્ટિક, ઘરગથ્થુ કચરો અને ગંદા પાણીના ઢગલાં જોવા મળે છે. સફાઈ કામદારો નિયમિત રીતે આવતા ન હોવાથી કચરો સડીને દુર્ગંધ ફેલાઈ રહી છે. તેની સાથે જ મચ્છર અને અન્ય જીવાતોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. સ્થાનિકોનું કહેવું છે કે અનેક વખત રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતું નથી. શાળાએ જતા બાળકો અને વૃદ્ધોને આ રસ્તા પરથી પસાર થવામાં તકલીફ પડી રહી છે.વિસ્તારના લોકોએ નગરપાલિકાને તાત્કાલિક સફાઈ કામગીરી હાથ ધરવા અને નિયમિત સફાઈની વ્યવસ્થા કરવા માંગ કરી છે. નહીંતર આરોગ્યની સમસ્યા વધવાનો ભય સેવાઈ રહ્યો છે.

### રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા

## કનાડુ પ્રા. શાળામાં રેઈનકોટનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** ચોમાસાની ઋતુ દરમિયાન વિદ્યાર્થીઓને વરસાદમાં શાળાએ જવા સરળતા રહે અને તેમનો અભ્યાસ અવરોધિત ન થાય તે હેતુથી રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા ગુરુવાર, તા. ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ કનાડુ પ્રાથમિક શાળામાં રેઈનકોટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના ૧૧૫ વિદ્યાર્થીઓને રેઈનકોટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે રોટરી ક્લબના પ્રમુખ રો. રેશમા રાવ તથા સેક્રેટરી રો. જૈવીક પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને નિયમિત શાળાએ હાજરી આપી મન લગાવી અભ્યાસ કરવા અને ઉજ્જવળ ભવિષ્ય ઘડવા પ્રેરણા આપી હતી.



આ સેવાકીય પ્રવૃત્તિમાં જીવણભાઈ પટેલનો પ્રાયોજક તરીકે મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. તેમના સહયોગ બદલ રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ક્લબના સભ્ય રો. ડો. આશીષ આરેકર, શાળાના આચાર્ય, શિક્ષકમિત્રો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## વાપીની વિદ્યાનિકેતનમાં 'વિજ્ઞાન અને ગણિત શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



રોટરી ક્લબ ઓફ વાપી રિવર સાઈડ દ્વારા વિદ્યા નિકેતન હાઈસ્કૂલ ખાતે બે દિવસીય જિલ્લા કક્ષાના વિજ્ઞાન અને ગણિત શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

શિક્ષકોની વ્યાવસાયિક કુશળતા વધારવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ પ્રોગ્રામમાં વાપીની વિવિધ શાળાઓમાંથી કુલ ૪૦ જેટલા શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર ટ્રેનિંગ જાણીતા ટ્રેનર વિશાલ ભટ્ટ દ્વારા અને એન. જે. ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી આપવામાં આવી હતી. જેમાં શિક્ષકોને પ્રાયોગિક ધોરણે (Experimental Basis) સાયન્સ અને મેથ્સની વિવિધ ટીચિંગ કિટ્સ દ્વારા નવીનતમ અને ઈનોવેટિવ ટીચિંગ મેથડોલોજી તેમજ જુદી-જુદી લર્નિંગ પદ્ધતિઓનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન આપવામાં આવ્યું હતું.બે દિવસ માટે શાળાનું વેન્યુ (પરિસર) વિનામૂલ્યે પૂરું પાડવા બદલ રોટરી ક્લબ દ્વારા શ્રી વિદ્યા નિકેતન હાઈસ્કૂલના ડાયરેક્ટર પ્રિન્સિપલ મિત્તલબેનનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ આ ટ્રેનિંગ ખૂબ જ સફળતાપૂર્વક પાર પડી હતી.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રેસિડેન્ટ રો. અર્પણભાઈ ટાચક, સેક્રેટરી રો. કુંજ મહેતા, લિટરેસી ચેર રો. જીગરભાઈ દેસાઈ અને પ્રોજેક્ટ લીડર દીપાલી એસ. પટેલ દ્વારા મુખ્ય ભૂમિકા ભજવવામાં આવી હતી. આ પ્રકારની ટ્રેનિંગથી પ્રોત્સાહિત થઈને શિક્ષકો આગામી સમયમાં ક્લાસરૂમને અધ્યતન ટેકનોલોજી અને નવી પ્રાયોગિક પદ્ધતિઓ સાથે સાંકળીને વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ માર્ગદર્શન પૂરું પાડે તેવી આશા રોટરી ક્લબ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

# વલસાડ જિલ્લો ચોમાસામાં આરોગ્ય પડકારો સામે સજ્જ

**૭૩ સરકારી અને ૧૦૧ ખાનગી હોસ્પિટલોમાં નેટવર્ક ગોઠવાયું : ૦૬ તાલુકાઓમાં રેપીડ રિસ્પોન્સ ટીમની રચના કરાઈ : ૧૯૯૦ જેટલી આશા વર્કરો એલર્ટ : ૧૦૮ ૭૦ ઈમરજન્સી એમ્બ્યુલન્સ, ૧૧ આરોગ્ય સંજીવની વાન, ૦૬ ધન્વંતરી રથ અને ૦૩ શ્રમજીવી રથ તૈયાર**

(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

**વલસાડ, તા. ૧૬ :** ચોમાસા દરમિયાન વલસાડ જિલ્લામાં પાણીજન્ય રોગચાળો ન ફાટી નીકળે તે માટે વલસાડ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા એકશન પ્લાન બનાવી ત્વરિત કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લામાં સરકારી હોસપિટલોમાં પીએચસી, સીએચસી, પેટા આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ મળી કુલ ૭૩ સરકારી હોસ્પિટલ અને ૧૦૧ ખાનગી હોસ્પિટલોમાં મેડિકલ ઓફિસરમાંથી માંડીને સ્ટાફ નર્સ અને ગ્રામ કક્ષાએ આશા બહેનો સુધીનું મજબૂત નેટવર્ક ગોઠવી દેવામાં આવ્યું છે. આ સિવાય છ તાલુકા કક્ષાએ રેપીડ રિસ્પોન્સ ટીમની પણ રચના કરવામાં આવી છે,

જેમાં મેડિકલ ઓફિસરથી માંડીને ફિમેલ હેલ્થ વર્કર, મેલ હેલ્થ વર્કર, સુપરવાઈઝર અને ડ્રાઈવરનો સમાવેશ કરી તબીબ સહિત કુલ ૭૬ સ્ટાફની ફાળવણી કરી છે.

ચોમાસા દરમિયાન કોઈ પણ ઈમરજન્સી આવી પડે તો તેને પહોંચી વળવા માટે જિલ્લાના દરેક તાલુકામાં ડૉક્ટરો અને પેરામેડિકલ સ્ટાફથી સજ્જ એક રેપિડ રિસ્પોન્સ ટીમ કાર્યરત છે, જેને નિશ્ચિત કામગીરી વિસ્તાર (ઝોન) ફાળવવામાં આવ્યા છે. દરેક ટીમને આવશ્યક દવાઓ, ફર્સ્ટ એઈડ કિટ (પ્રાથમિક સારવાર કિટ) તથા સંચાર માટેની જરૂરી સુવિધાઓથી સજ્જ કરવામાં આવી છે, જેથી આપત્તિ સમયે તાત્કાલિક અને અસરકારક આરોગ્ય સેવા પૂરી પાડી શકાય.

ગ્રાઉન્ડ લેવલે આપત્તિ અથવા આરોગ્ય સંબંધિત પરિસ્થિતિ અંગેની પ્રાથમિક જાણ ૧૯૯૦ જેટલી આશા કાર્યકરો દ્વારા સંબંધિત ફિમેલ હેલ્થ વર્કર અથવા મેડિકલ ઓફિસરને તાત્કાલિક જાણ કરાશે.

ત્યારબાદ મેડિકલ ઓફિસર દ્વારા જિલ્લાના સંબંધિત અધિકારીને માહિતી આપવામાં આવશે, જેથી સમયસર જરૂરી કાર્યવાહી હાથ ધરી શકાય.

આપત્તિ સમયે તાત્કાલિક સારવાર માટે જરૂરી દવાઓ અને સામગ્રીનો પૂરતો જથ્થો તેમજ મોબાઈલ મેડિકલ કિટ ઉપલબ્ધ રાખવામાં આવી છે, જેમાં મુખ્યત્વે નીચેની સામગ્રીનો સમાવેશ થાય છે. પટ્ટીઓ, ડ્રેસિંગ માટેની જરૂરી સામગ્રી, પ્રાથમિક ઈમરજન્સી દવાઓ, જેમ કે, એન્ટિબાયોટિક્સ, પીડા નિવારક દવાઓ અને આઈ.વી. ફલુઈડ્સ. આ દવાઓ અને સામગ્રીનો જથ્થો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો તેમજ મોબાઈલ મેડિકલ ટીમો પાસે ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે, જેથી જરૂરિયાતના સમયે તાત્કાલિક આરોગ્ય સેવા પૂરી પાડી શકાય.

આપત્તિ સમયે તાત્કાલિક આરોગ્ય સેવા અને દર્દીઓના સુરક્ષિત સ્થળાંતર માટે સમર્પિત એમ્બ્યુલન્સ સેવાઓ ઉપલબ્ધ રાખવામાં આવી છે.

દરેક એમ્બ્યુલન્સમાં ઈમરજન્સી દવાઓ અને મેડિકલ કિટ, ડ્રેસિંગ સામગ્રી તથા ઓક્સિજનની વ્યવસ્થા અને સ્થળ પર જ પ્રાથમિક સારવાર અને દર્દીને સુરક્ષિત રીતે હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે તાલીમબદ્ધ આરોગ્ય કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

ઈમરજન્સીમાં જિલ્લામાં ઉપલબ્ધ વાહનોની વિગતો જોઈએ તો, ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ - ૭૦, આરોગ્ય સંજીવની વાન - ૧૧, ધન્વંતરી રથ - ૦૬ અને શ્રમજીવી રથ - ૦૩ ઉપલબ્ધ છે. આ સિવાય પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા જિલ્લા કક્ષાનાં ૨૪ વાહનો છે. જિલ્લામાં કુલ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા છે, જેમાં બેઝિક લાઈફ સપોર્ટ - ૨૧ એમ્બ્યુલન્સ, એડવાન્સ્ડ લાઈફ સપોર્ટ - ૦૬ એમ્બ્યુલન્સ, Inter-Facility Patient Transport – 41 એમ્બ્યુલન્સ, આઈસીયુ એમ્બ્યુલન્સ - ૦૧ એમ્બ્યુલન્સ અને બેકઅપમાં ૦૧ એમ્બ્યુલન્સ રાખવામાં આવી છે.

આ તમામ એમ્બ્યુલન્સ વિવિધ પ્રકારની તાત્કાલિક આરોગ્ય સેવાઓ, દર્દીઓના સુરક્ષિત સ્થળાંતર તથા આપત્તિના સમયે ઝડપી પ્રતિસાદ માટે સજ્જ છે.

આઈસીયુ બેડ, ૧૭૬૨ સ્ટાફ નર્સ, ૧૬૯ પુખ્ત વયના દર્દી માટે અને ૫૩ બાળ દર્દી માટે વેન્ટીલેટર, ૬૯૩ મલ્ટી પરામોનીટર, ૭૭૨ ઓક્સિઝન સિલિન્ડર, ૧૨૬ ઓક્સિજન કોન્સન્ટ્રેટરની સુવિધા ઉપલબ્ધ છે. આ સિવાય સરકારીમાં ૯ અને ખાનગીમાં ૧૧ પીએસએ પ્લાન્ટ ઉપલબ્ધ છે.

**ઈમરજન્સીમાં જિલ્લાની સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ઉપલબ્ધ સેવા**

સરકારી હોસ્પિટલોમાં ૫૩ પીએસસી, ૭ અર્બન પીએસસી, ૧૩ સીએચસી/એસડીએચમાં ૧૧૨ મેડિકલ ઓફિસર, ૧૭૫૦ બેડ, ૬૩૯ સ્ટાફ નર્સ, ૩૩૫ ઓક્સિઝન સિલિન્ડર અને ૨૫ ઓક્સિજન કોન્સન્ટ્રેટર ઉપલબ્ધ છે. જ્યારે ખાનગી હોસ્પિટલોની વિગત જોઈએ તો, જિલ્લાની ૧૦૧ ખાનગી હોસ્પિટલોમાં ૨૬૯ મેડિકલ ઓફિસર, ૩૭૨ કન્સલટન્ટ, ૩૨૩૬ સાદા બેડ, ૪૦૦

**સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી રખાઈ**

પ્રસૂતિની સંભવિત તારીખ નજીકની સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી લેવાઈ રહી છે. પ્રસૂતિની સંભવિત તારીખ નજીક હોય તેવી સગર્ભા મહિલાઓનું વિશેષ મોનિટરિંગ કરવામાં આવે છે. આવી સગર્ભા મહિલાઓને જરૂરિયાત મુજબ અગ્રતા ધોરણે પરિવહનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. માતા અને નવજાત શિશુની સલામતી સુનિશ્ચિત કરવા માટે સંસ્થાકીય પ્રસૂતિ માટે જરૂરી તમામ પૂર્વ વ્યવસ્થાઓ કરવામાં આવે છે.

**જરૂર પડયે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) સાથે સંકલન કરાશે**

જરૂરિયાતના સમયે વધારાના તબીબી માનવબળ ઉપલબ્ધ થાય તે માટે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ડૉક્ટરોને કામગીરી માટે સક્રિય કરવામાં આવશે. સરકારી આરોગ્ય સંસ્થાઓ પર દર્દીઓનો ભાર વધે તેવી સ્થિતિમાં સહાયરૂપ બનવા માટે ખાનગી હોસ્પિટલોને પણ દર્દીઓની સારવાર અને સ્થળાંતર માટે યાદીબદ્ધ કરવામાં આવી છે. આ સંકલન દ્વારા આપત્તિ દરમિયાન સમયસર, અસરકારક અને સતત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે.

## સલવાવની શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં અષાઢી બીજે રથયાત્રા પર્વની ઉજવણી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૧૬ :** શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં અષાઢી બીજના પવિત્ર પર્વ નિમિત્તે ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાની ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય ચંદ્રવદન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના અને ભગવાન જગન્નાથજીના ભજનથી કરવામાં આવી હતી. ત્યારબાદ આચાર્ય ચંદ્રવદન પટેલે અષાઢી બીજના પર્વનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ સમજાવ્યુ હતું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ વિદ્યાર્થીઓ દ્વારા ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને બલભદ્રજીના પરંપરાગત વેશમાં રજૂ કરાયેલી આકર્ષક ઝાંખી રહી હતી, બાદમાં શાળા પરિસરમાં ભગવાન જગન્નાથજીની પ્રતિકાત્મક નગરચર્યા યોજાઈ હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભજન-કીર્તન સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## વાપી રોફેલ યુનિ.ના વિદ્યાર્થીઓએ સ્ટેટ લેવલ ગ્રેપલિંગ સ્પર્ધામાં ૧૮ મેડલો મેળવ્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીની વિદ્યાર્થીઓએ નવસારી મુકામે જુનિયર અને સિનિયર ગૃપ ગ્રેપલિંગની સ્પર્ધામાં આદિલ ખાન (એમ.બી.એ) ૭૦૭કિ.ગ્રા. માં ગોલ્ડ અને સિલ્વર મેડલ, મોહિત ગુપ્તા (બીબીએ) ૬૯ કિ.ગ્રા. કેટેગરીમાં ગોલ્ડ અને સિલ્વર મેડલ, વિશાલ યાદવ (બીબીએ)૫૪ કિ.ગ્રા. ગોલ્ડ અને સિલ્વર મેડલ, વિશેષ પાંડે (બીસીએ) ૫૮ કિ . ગ્રા. સિલ્વર અને બ્રોન્ઝ મેડલ, ઈરફાન મંડલ (બીબીએ) ૬૨ કિ.ગ્રા. સિલ્વર અને બ્રોન્ઝ મેડલ, સચિન રાય (બીબીએ) ૭૭ કિ.ગ્રા.સિલ્વર અને બ્રોન્ઝ મેડલ, યૂઝેર શેખ (બીબીએ) ૫૪ કિ.ગ્રા. બ્રોન્ઝ અને સિલ્વર મેડલ, મહંમદ અક્લમ ખાન (બીએ) ૫૪ કિ. ગ્રા. બ્રોન્ઝ અને સિલ્વર, વિકી ઠાકોર (બીસીએ) ૭૧ કિ.ગ્રા. બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓને ગ્રેપલિંગ ગુજરાત એસોસિએશન તેમજ રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. વિકાસ દેસાઈ, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ. પ્રિયકાન્ત વેદ, મેનેજમેન્ટ કોલેજના ડીન ડૉ. કેદાર શુક્લા, શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ.દિલીપ ઘોલપ તેમજ ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# સુરત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'વૈદિક ગણિત માર્ગદર્શન સેમિનાર' યોજાયો





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

શ્રીમતી કે.વી. માંગુકિયા વિદ્યાલય, જોથાણ શાળામાં જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-સુરતના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે વૈદિક ગણિત વિષે માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિષયના તજજ્ઞ/વક્તા પ્રહર્ષાબેન મેહતા(નિવૃત વિજ્ઞાન ગણિત શિક્ષક-RSM પુનાવાલા) દ્વારા ઉપયોગથી ઘડિયા, ગુણાકાર અને ભાગાકાર કેટલી સરળતાથી સેકન્ડોમાં જ ગણતરી ખુબ જ ઝડપથી કરી શકાય તેવી અનેક મેથડ અને રીતો ખૂબ જ સરળ રીતે શીખવવામાં આવી હતી.


પ્રહર્ષાબેન મેહતાને ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ મળેલ છે. જેમની વિદ્વવતા શાળાના બાળકો અને શિક્ષકોએ અનુભવી હતી.

સેમિનારના સહયોગ માટે જાયન્ટસ ગ્રુપ ઓફ નર્મદ નગરી -સુરતના પૂર્વ પ્રમુખ રાજેશભાઈ શર્મા પણ ઉપસ્થિત રહ્યા અને તેઓએ પણ ઉપયોગી માર્ગદર્શન આપી બાળકોને પ્રોત્સાહિત કાર્ય હતા કાર્યક્રમની શરૂઆત જી.એન. કાકડીયાએ તજજ્ઞ મેડમનો પરિચય આપી શાબ્દિક સ્વાગત કર્યું, અને શાળાના શિક્ષિકામાયાબેન પટેલ અને કામિનીબેન પટેલ દ્વારા તજજ્ઞ મેડમનું પુસ્તક અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે શાળાના આચાર્યા પદમા મેડમ દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

ધો. ૯ અને ૧૦ ના કુલ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો, આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા આ કાર્યક્રમ ખુબજ સફળ અને બાળકો માટે જ્ઞાનવર્ધક રહ્યો હતો.

# A few things about our Solar System




It's monsoon time, and thus, the cloudy skies. I have a habit of looking up at the stars and planets in the night time. Now, as there are clouds, I can hardly see any star or planet. Often, when I go far away from the city limits, at night, there are dozens of heavenly coloured bodies that I enjoy just by looking at them. Each of those sources of light could either be a star or a planet, and that thought fills me with wonder about the vastness of the Universe that we are a part of. With each passing second, our great mother Earth moves in its orbit by a staggering 30 kilometres. Which means, in about 8 seconds, a person with similar speed would reach Mumbai from Surat and, in a little over 100 seconds, can travel in a straight line the whole of India from south to north. We can easily measure the distance that Earth travels in a year, as we know its speed, which is 30 km/s; to be precise, it is 29.78 km/s. Even this speed is not constant; it varies from 30.29 km/s (when nearer to the Sun) to 29.29 km/s (when farther from the Sun), and the reason for that is that the orbit in which Earth travels is not a perfect circle but an ellipse, which means Earth can be nearer to the Sun and farther from the Sun as it goes around it.

Now, the obvious question that everybody should ask is, 'What about the other planets which are nearer or farther than the planet Earth? Do they all obey the same rule, that nearer bodies should have higher speeds and farther bodies should have lower speeds? Indeed, all of the planets obey the rule, and not just the planets but every single object in the universe follows the same rule. Let us first know the speed of all the planets. The planet Mercury, which is nearest to the Sun, travels at an average speed of 47.36 km/s around it. Next comes Venus, which travels at an average speed of 35.02 km/s, and then comes Earth; we know its speed. The red planet Mars travels at an average speed of 24.07 km/s in its orbit around the Sun. You may have known that the distance between the Sun and Earth is less than the distance between the Sun and Mars, so if Mars is farther out than Earth, then the speed with which it goes around the Sun should also be lower than the speed of the Earth. Even further out is the king of all planets, the biggest of all, the planet Jupiter, and its average speed is 13.07 km/s. Let me make one thing clear over here: the speed is low not because of its size but because of its distance from the Sun. The further away a body is, the lower its speed becomes. After Jupiter, let's talk about the ringed planet Saturn; it orbits around the Sun at an average speed of 9.69 km/s, which is almost 1/3rd the speed of our planet Earth. Now let's look at Uranus, also a ringed planet and the first to be discovered by a scientist (William Herschel on 13th March 1781), as all other planets had already been observed by humans for centuries. The planet Uranus travels with an average speed of 6.81 km/s around the Sun.

Coming to the officially last known planet of our Solar System, the planet Neptune, it has an average speed of only 5.43 km/s, which, when compared with the average speed of planet Mercury, which is 47.36, is almost 9 times slower!


It is very interesting to know that the orbits of all the planets around the Sun are not a perfect circle but an ellipse. Also, the reason why a planet moves faster when it is nearer to the Sun is because of the gravitational force. When a planet is near to the Sun, it will experience a higher gravitational pull from the Sun, and to counter it and to not get pulled into the Sun, it has to travel faster in its orbit.

Let us also know about the approximate average distance of all the planets from their parent star, which is the Sun. The nearest planet, which is Mercury, orbits at about 6 crore kilometres (all values are in crore and are average and approximate so that it becomes easier to remember). Venus is at 11 crore kms, Earth at 15 crore kms, Mars at 23 crore kms, Jupiter at 78 crore kms, Saturn at 143 crore kms, Uranus at 287 crore kms, and Neptune orbits at a distance of 450 crore kms or exactly at an average distance of 4,495,060,000 kilometres!

As we all know, our Solar System consists of not just the Sun and 8 planets but also hundreds of other heavenly bodies like moons, asteroids and comets. You may also refer to my earlier article in the same news paper (Daman Ganga Times) about the moons of all the planets. There are millions of asteroids (smaller bodies ranging from sub-kilometre to several kilometres) orbiting around the Sun, lying between the orbits of Mars and Jupiter. Astronomers keep track of many of them, because they may collide with each other and may change their course of orbit, coming directly towards Earth and hitting us. In that case, our scientists have many theories of how to save us from such collisions.

All these planets are of different sizes and masses and have different compositions and atmospheres and temperatures. Some have liquid oceans, and some are full of gases with practically no solid surface. We shall look at each planet in detail in the coming articles. If you have any queries, please email me at hemalshah8177@gmail.com or WhatsApp me on 9820187646.

I shall answer every query of yours and also publish your question with your name in my next article.




# ફિફા ફૂટબોલ વર્લ્ડકપમાં AI ટેકનોલોજીની કમાલ

**નવી વિજ્ઞાન ટેક્નોલોજીને રમતને આકર્ષક અને તમામ પ્રક્રિયાને આસાન બનાવી દીધી છે : ફિફા વર્લ્ડકપે આ વર્ષે રેફરીને બોડીકેમેરા આપવામાં આવ્યાં છે, જેને 'રેફ-કેમ' નામ આપવામાં આવ્યું છે : વર્લ્ડ કપ માં વપરાતા સ્માર્ટ બોલમાં અદ્યતન સેન્સર ટેક્નોલોજી છે, જે રમતને વધુ સચોટ અને ઝડપી બનાવે છે.**







**આ**જકાલ રમતો વધુ ને વધુ લોકપ્રિય બની રહી છે. એની પછી એ ક્રિકેટ હોય કે ફૂટબોલ હોય એ વધુને વધુ આધુનિક બની રહી છે. હાલ વિશ્વની સૌથી મોટી ફૂટબોલ મેચ ફિફા ફૂટબોલ વર્લ્ડકપ ચાલી રહી છે. જે કરોડો લોકો આ રમત ટીવી પર જોઈ રહ્યાં છે. લાઈવ મેચ જોવા મોંઘી ટિકિટ ખર્ચીને સ્ટેડિયમમાં મેચ ફૂટબોલ વર્લ્ડકપ જોવા આવે છે. સ્ટેડિયમ હાઉસ ફૂલ હોય છે. પણ આજકાલ સ્ટેડીયમમાં જોવા કરતા ટીવી પર ઘરે બેઠાં મેચને વધુ સારી રીતે જોવાનો રોમાંચ કંઈક અલગ હોય છે. ટીવી પર રમતો જોવા પાછળનું મુખ્ય આકર્ષણ રમતોમાં આવી રહેલી આધુનિક વિજ્ઞાન ટેક્નોલોજી છે.

આ વર્ષે ફિફા ફૂટબોલ વર્લ્ડ ટેકનોલોજીના કારણે સૌથી વધુ ચર્ચામાં છે. રમત ગમતનાં મેદાનોપણ અને રમતની ટેક્નિકમાં હવે નવી વિજ્ઞાન ટેક્નોલોજીનો ઉપયોગ થવા લાગ્યો છે. ખાસ કરીને AI ટેક્નોલોજીએ કમાલ કરી છે. ફૂટબોલ વર્લ્ડકપમાં આ વખતે ૪૮ ટીમો એ ભાગ લીધો છે જેમાં આ બધાં ખેલાડીઓનું વિશ્લેષણ હવે AI દ્વારા થઈ રહ્યું છે. એ માટે હવે ફૂટબોલના નિષ્ણાતોની જરૂરિયાત ઓછી થઈ ગઈ છે. જેમાં હવે દરેક ખેલાડીઓની રમવાની ટેકનિક AI જણાવી દે છે. તેમની નબળાઈઓ પણ દર્શાવે છે અને તેમનીખાસીયતો વિશે પણ માહિતી આપે છે. તમામ ૪૮ ટીમોને આપવામાં આવેલું AI ટૂલથી ખેલાડીઓની ટેક્નિક, નબળાઈઓ, તાકાત, મુવમેન્ટ પેટર્ન અને ટેક્ટિકલ વિશ્લેષણ આપે છે.કોચ અને એનાલિસ્ટ્સ માટે વિગતવાર રિપોર્ટ્સ અને સ્ટેટિસ્ટિક્સ જનરેટ કરે છે. આ પહેલાં માનવ નિષ્ણાતો કરતા હતા તે કામ હવે AI વધુ ઝડપથી અને ચોક્કસ કરે છે.

### કેમેરા અને સેન્સર

સ્ટેડિયમની છત પર ૧૨ થી ૧૬ ખાસ ટ્રેકિંગ કેમેરા લગાવવામાં આવે છે,

જે બોલ અને દરેક ખેલાડીના શરીરના ૨૯ અલગ-અલગ ડેટા પોઈન્ટને સેકન્ડના ૫૦મા ભાગમાં ટ્રેક કરે છે.

### રેફ-કેમ AI કેવી રીતે કામ કરે છે?

આવી જ એક ટેકનોલોજી છે 'રેફ-કેમ'. ફિફા વર્લ્ડકપે આ વર્ષે રેફરીને બોડીકેમેરા આપવામાં આવ્યાં છે, જેને 'રેફ-કેમ' નામ આપવામાં આવ્યું છે. રેફરીના માથા પર હલકી બોડી કેમેરા લગાવવામાં આવે છે, જે તેમના દ્રષ્ટિકોણ ના લાઈવ ફૂટેજ કેપ્ચર કરે છે.રેફરી ખેલાડીઓની સાથે સાથે બોલ પર પણ સતત નજર રાખતા દોડતા રહે છે. આ ટૂર્નામેન્ટમાં પહેલી વખતે AI ટેકનોલોજીની મદદથી રેફરીના માથે લગાવેલા કેમેરાના દશ્યોને વધુ સ્થિર બનાવવામાંઆવ્યા છે.રેફ-કેમનો સૌથી મોટો ફાયદો એ છે કે તેનાથી વિવાદો ટાળી શકાય છે. ફેન્સને રેફરીના નિર્ણયની નજીકની અનુભૂતિ મળે છે અને બ્રોડકાસ્ટમાં નવી રોમાંચકતા આવે છે.

રેફ-કેમ એ રેફરીના માથા પર લગાવેલા નાના કેમેરા છે. તે રેફરી જે જુએ છે તે લાઈવ દશ્ય કેપ્ચર કરે છે. પરંતુ આ ફૂટેજ સામાન્ય રીતે ખૂબ ધ્રુજતું હોય છે. લેનોવોનું AI સ્ટેબિલાઇઝર આને સ્મૂથ અને બ્રોડકાસ્ટ ક્વોલિટીમાં બદલી દે છે.

આમા રેફરીના હેડસેટ પર નાની કેમેરા (ઈયરબડ જેવી સાઇઝ) માઉન્ટ કરેલી હોય છે. તે રેફરીના દષ્ટિકોણનું વીડિયો રેકોર્ડ કરે છે.

### વર્લ્ડ કપ ૨૦૨૬માં વપરાતો સ્માર્ટ બોલ

આ વખતે ફિફા વર્લ્ડ કપમાં એડિડાસ Triondaનામની સ્માર્ટ અથવા કનેક્ટેડ બોલ વપરાય છે. આ બોલમાં અદ્યતન સેન્સર ટેક્નોલોજી છે, જે રમતને વધુ સચોટ અને ઝડપી બનાવે છે. બોલની અંદર ૧૪ ગ્રામનું સેન્સર છે. તે ૫૦૦ વખત AI તિ સેકન્ડ (૫૦૦Hz) ડેટા રેકોર્ડ કરે છે. જે બોલની ગતિ (સ્પીડ), સ્પિન (ફરવાની ગતિ), દિશા ખેલાડીના પગે અથડાવાનો ચોક્કસ મિલિસેકન્ડ સમય. માપે છે. એ ઉપરાંત કિક, પાસ, શોટ, ડ્રિબલ વગેરે દરેક ટચનો પણ તરત ખ્યાલ આવી જાય છે. એમાં રહેલ સેન્સર એક પેનલની અંદર સાઇડમાં મૂકેલું છે (પહેલાં કેન્દ્રમાં હતું). અન્ય પેનલમાં કાઉન્ટર વેઇટ છે જેથી બોલ સંતુલિત રહે. સેન્સર રીઅલ-ટાઇમમાં ડેટા સિસ્ટમને મોકલે છે. બોલ ક્યારે કિક થયો તેનો ચોક્કસ સમય જાણીને ખેલાડીઓની પોઝિશન સાથે મેચ કરીને ઝડપી અને સચોટ નિર્ણય લેવામાં મદદ કરે છે AI સાથે જોડાઈને વધુ સારું વિશ્લેષણ આપે છે. વાયરલેસ ચાર્જિંગ સિસ્ટમ પણ છે. એના ફાયદા એ છે કે એનાથી વિવાદો ઘટે છે ખાસ કરીને ઓફસાઇડમા રેફરી અને VARને ત્વરિત માહિતી મળે છે. ફેન્સ અને ટીમોને વધુ સ્ટેટિસ્ટિક્સ અને ઇનસાઇટ્સ મળે છે. પ્રબોલની ફલાઈટ સ્થિર અને સારી રહે છે.



**વિજ્ઞાનજગત**
**લેખક :દીપક જગતાપ**

જ્યારે Trionda Final નામનું વર્ઝન સેમી-ફાઈનલ અને ફાઇનલ માટે વપરાય છે, જેમાં હોસ્ટ શહેરોના ડિઝાઇન હોય છે.આ ટેક્નોલોજી ૨૦૨૨ના AI Rihla બોલ કરતાં વધુ અદ્યતન છે અને વર્લ્ડ કપને વધુ ટેક્નોલોજીકલ બનાવે છે. ફૂટબોલ હવે સામાન્ય બોલ રહ્યો નથી. ખરા અર્થમાં તો ફૂટબોલ એક ટેક્નોલોજી ટુલ્સ હોય છે. એમાં ૧૨ ઓપ્ટિકલ ટ્રેકિંગ કેમેરા હોય છે. AI અને કનેક્ટેડ સ્માર્ટ બોલની મદદથી કામ કરે છે. બોલમાં IMU સેન્સર હોય છે જે ૫૦૦ વખત પ્રતિ સેકન્ડ ડેટા રેકોર્ડ કરે છે, જેથી બોલ કિક થયાનો ચોક્કસ સમય જાણી શકાય. ખેલાડીઓના ફુલ-બોડી 3D સ્કેન (અવતાર) બનાવવામાં આવે છે, જેથી ઓફસાઇડ ૧૦ સેન્ટિમીટરની ચોકસાઈથી તપાસી શકાય છે.

રીઅલ-ટાઇમ ઓડિયો એલર્ટ લાઇન્સમેનને મળે છે, જેથી નિર્ણય વધુ ઝડપી અને સચોટ બને છે.

**અન્ય મહત્વની ટેક્નોલોજી - 3D એનિમેશન અને AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) :** નિર્ણયોને વધુ પારદર્શક બનાવવા માટે AI આધારિત ટેકનોલોજીનો ઉપયોગ થાય છે.

### ડિજિટલ અવતાર

દરેક ખેલાડીના શરીરના સ્કેનિંગ દ્વારા જીવંત 3D ડિજિટલ અવતાર બનાવવામાં આવે છે.સ્પષ્ટ સ્કીન મળે છે. જે ઓફસાઇડ અને અન્ય નિર્ણયોમાં મદદ કરે છે.

### ડિસ્પ્લે

રેફરીના નિર્ણય બાદ સ્ટેડિયમની મોટી સ્ક્રીન પર અને ટીવી પ્રસારણમાં આ 3D રિપ્લે બતાવવામાં આવે છે, જેથી દર્શકોને ખ્યાલ આવે કે શા માટે નિર્ણય લેવાયો.

### ગોલ-લાઈન ટેકનોલોજી

આ ટેકનોલોજી બોલ ગોલ લાઈનને પાર કરે છે કે નહીં તે આંખના પલકારામાં નક્કી કરે છે. બોલ સંપૂર્ણપણે લાઇન પાર કરે કે તરત જ રેફરીની ઘડિયાળમાં સિગ્નલ આવી જાય છે.

આ બધી ટેક્નોલોજીઓનો મુખ્ય હેતુએ છે કે રમતને વધુ ન્યાયી, ઝડપી, વિવાદ-મુક્ત અને ફેન્સ માટે વધુ આકર્ષક બનાવી શકાય છે.લેનોવોના AI સોલ્યુશન્સે આ વર્લ્ડ કપને ટેક્નોલોજીના ક્ષેત્રે નવા યુગમાં લઈ જયું છે. AI ની મદદથી વિવાદો ઓછા અને ઝડપી નિવારણ.

### સેમી-ઓટોમેટેડ ઓફસાઇડ ટેક્નોલોજી

૧૬ સ્ટેડિયમમાં ૧૬ ઓપ્ટિકલ ટ્રેકિંગ કેમેરા મુકાયા છે. ખેલાડીઓના ફુલ-બોડી 3D સ્કેન ડિજિટલ અવતારબનાવવામાં આવે છે.સ્માર્ટ બોલના ડેટા સાથે જોડીને ૧૦ સેન્ટિમીટરની ચોકસાઈથી ઓફસાઇડ તપાસે છે રીઅલ-ટાઇમ ઓડિયો એલર્ટ લાઈન્સમેનને મળે છે, જેથી નિર્ણય ઝડપી થાય છે.

### 3D પ્લેયર સ્કેનિંગ

દરેક ખેલાડીનું 3D સ્કેન (માત્ર ૧ સેકન્ડમાં) લેવામાં આવે છે. ઓફસાઇડ, ફાઉલ અને અન્ય નિર્ણયોમાં અત્યંત સચોટતા માટે વપરાય છે. AI સાથે જોડીને વાસ્તવિક ડિજિટલ મોડલ બને છે.

### ગોલ-લાઈન ટેક્નોલોજી

બોલ સંપૂર્ણપણે લાઈન પાર કર્યો કે નહીં તે તપાસે છે.૧૫૦ મિલિયનથી વધુ ડેટા પોઈન્ટ્સ પ્રતિ મેચ. AI અને સ્માર્ટ બોલના ડેટા સાથે વધુ ઝડપી રિવ્યુઆપે છે.

### વર્લ્ડ કપ ૨૦૨૬માં વપરાતી સ્માર્ટ કપડા

વર્લ્ડ કપમાં ખેલાડીઓ સ્માર્ટ વેસ્ટ(Performance Vest અથવા GPS Tracking Vest) પહેરે છે. આ વેસ્ટ જર્સીની અંદર પહેરવામાં આવે છે અને તેમાં અદ્યતન સેન્સર હોય છે. આ ટેક્નોલોજી મુખ્યત્વે તાલીમ અને મેચ દરમિયાન ખેલાડીઓના પર્ફોર્મન્સને મોનિટર કરવા માટે વપરાય છે.તેમાં મુકેલ GPS ટ્રેકરની ભૂમિકકા એ છે કે વેસ્ટની ઉપરની પીઠના ભાગમાં નાનું યુનિટ હોય છે. તે મિલિટરી ગ્રેડ સેટેલાઇટ સિસ્ટમથી કનેક્ટ થઈને ખેલાડીની સ્થિતિ ટ્રેક કરે છે.એ ઉપરાંત એમાં ગોઠવેલ બાયોમેટ્રિક સેન્સર હોય છે જે હાર્ટ રેટ (હૃદયના ધબકારા), સ્પીડ, ડિસ્ટન્સ, સ્પ્રિન્ટ લોડ, મસલ ફેટિગ (થાક) વગેરે માપે છે.જ્યારે કોચ, સ્પોર્ટ્સ સાયન્ટિસ્ટ અને મેડિકલ સ્ટાફને લાઈવ ડેટા મળે છે. આનાથી ખેલાડીના વર્કલોડને મેનેજ કરી શકાય છે અને ઇજાનું જોખમ ઘટાડી શકાય છે.

### કયા દેશો વાપરે છે?

ઇંગ્લેન્ડ (પહેલી વખત લાઈવ ઇન-ગેમ GPS ડેટા)નો ઉપયોગ. કર્યો.બ્રાઝિલ, સ્કોટલેન્ડ અને અન્ય કુલ ૧૨ ટીમો STATSports અથવા Catapult જેવી કંપનીઓની ટેક્નોલોજી વાપરે છે.

એના ફાયદા એ છે કે ખેલાડીઓના ફિટનેસ લેવલને રીઅલ-ટાઇમમાં મોનિટર કરવામાં સરળ રહે છે. સબ્સ્ટિટ્યુશન અને સ્ટ્રેટેજી માટે મદદરૂપ થાય છે.ઇજા અટકાવવા અને રિકવરીને સારી રીતે મેનેજ થાય છે.લાંબા ટૂર્નામેન્ટમાં ખેલાડીઓને ઓવરલોડ થતા અટકાવે છે. આ ટેક્નોલોજી ખેલાડીઓને વધુ સ્માર્ટ અને સુરક્ષિત રીતે રમવામાં મદદ કરે છે.

# જૂનાગઢ લોક વિજ્ઞાન કેન્દ્રમાં વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ઉજવાયો





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વિશ્વ યુવા કૌશલ્ય દિવસની ઉજવણી કરવામાં આવી યુવ ના કૌશલ્ય દ્વારા સપનાઓ અને સિદ્ધિઓ વચ્ચેનો મજબૂત પુલ છે. તે યુવાનોની ક્ષમતાને હેતુમાં અને વિચારોને સમાજ પર સકારાત્મક અસર પાડતા કાર્યમાં પરિવર્તિત કરે છે. વિશ્વ યુવા કૌશલ્ય દિવસ નિમિત્તે ચાલો દરેક યુવાનને એવા કૌશલ્યોથી સશક્ત બનાવીએ,જે તેમને નવીનતા લાવવા, વાસ્તવિક જીવનના પડકારોનો ઉકેલ શોધવા અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા પ્રેરણા આપે.

આજના ઝડપથી બદલાતા વિશ્વમાં જ્ઞાન સફળતાના દરવાજા ખોલે છે તથા કૌશલ્ય નવી તકો ઊભી કરે છે, નવીનતાને વેગ આપે છે અને આત્મનિર્ભર તથા સશક્ત સમાજનું નિર્માણ કરે છે.

તેમની પ્રતિભાને પ્રોત્સાહિત કરીએ, નવીન વિચારધારાને પાંખ આપીએ અને સાથે મળીને વધુ મજબૂત સ્માર્ટ અને ટકાઉ ભવિષ્યનું નિર્માણ કરીએ તથા ગુજકોસ્ટ દ્વારા રોબોફેસ્ટ ૬.૦ પ્રોગ્રામનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

આ વ્યાખ્યાન એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર જોષીપુરા જુનાગઢ ખાતે યોજવા માં આવેલ જેમાં લોક વિજ્ઞાન કેન્દ્ર આઈ.પી.ઓફિસર શ્રધ્ધાબેન કચોટ, પ્રિન્સીપાલ જયશ્રીબેન રંગોલીયા તથા સ્ટાફ દ્વારા જેહમત ઉઠાવી હતી તેવી અખબારી યાદીમાં પ્રતાપસિંહ ઓરા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# જામનગર જિલ્લાના બાળ વૈજ્ઞાનિકો માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસમાં રજિસ્ટ્રેશન શરૂ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને તેઓમાં રહેલી સંશોધનાત્મક વૃત્તિને યોગ્ય મંચ મળે તે હેતુથી ગુજકોસ્ટ (GUJCOST) ગાંધીનગર પ્રેરિત અને એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર – ધ્રોલ દ્વારા જામનગર જિલ્લાના ૧૦ થી ૧૭ વર્ષના બાળ સંશોધનકર્તાઓને રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કૉંગ્રેસ (NCSC) માં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરવા ભાવભર્યો અનુરોધ કરવામાં આવે છે. બાળ વૈજ્ઞાનિકોએ પોતાના પ્રોજેક્ટ નીચે દર્શાવેલ ૫ પેટા-થીમમાંથી કોઈપણ એક વિષય પર તૈયાર કરવાના રહેશે.

કચરાના વ્યવસ્થાપન માટે R5 (ઘટાડો, પુનઃઉપયોગ, પુનઃપ્રાપ્તિ, પુનઃડિઝાઈન અને રિસાયક્લિંગ), ઊર્જા માટે E4 અન્વેષણ, પ્રયોગ, વૃદ્ધિ અને વિકાસ, કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોના અવલોકનોને અર્થપૂર્ણ પ્રોજેક્ટમાં ફેરવી તેમને રાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. ૧૦ થી ૧૭ વર્ષની વય જૂથના વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન ૧ જુલાઈ ૨૦૨૬ થી શરૂ થઈ ગયું છે. વિદ્યાર્થીઓ સત્તાવાર વેબસાઈટ https://n-csc.in/ પર જઈને ઓનલાઈન અરજી કરી શકે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા, પ્રોજેક્ટ બનાવવા અંગેનું માર્ગદર્શન મેળવવા કે અન્ય વિશેષ માહિતી માટે આપ લોકવિજ્ઞાન કેન્દ્રના પ્રોગ્રામ ઓફિસર અને જામનગર જિલ્લાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદના ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર ડૉ. સંજય પંડ્યા નો તેમના મોબાઈલ નંબર ૯૯૭૯૨૪૧૧૦૦ પર સંપર્ક કરી શકો છો.

જામનગર જિલ્લાની શાળાઓ અને વધુમાં વધુ બાળ વૈજ્ઞાનિકો આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં જોડાય અને દેશના સુસ્થાયી વિકાસમાં પોતાનું યોગદાન આપે તેવી અપીલ કરવામાં આવે છે.

# નવસારી જિલ્લામાં ૩૨મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ યોજાશે

**નવસારી જિલ્લાની તમામ પ્રા. અને મા. શાળાના ૧૦ થી ૧૭ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ પોતાના પ્રોજેક્ટ રજૂ કરી શકશે**

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળની નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ, ટેક્નોલોજી એન્ડ કોમ્યુનિકેશન (NCSTC) દ્વારા ૧૦ થી ૧૭ વર્ષનાં બાળકોમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને સંશોધન વૃત્તિ કેળવવા માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ (નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ - NCSC) ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનો હેતુ બાળકોને તેમની આસપાસની સમસ્યાઓ સમજવા, તેના ઉકેલ માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા અને પરંપરાગત જ્ઞાનમાં વધારો કરવા પ્રોત્સાહિત કરવાનો છે. આ વર્ષે પરિષદની મુખ્ય થીમ સુસ્થાયિતા માટે વિજ્ઞાન અને નવીનતા (Science and Innovation for Sustainable Development) રાખવામાં આવીછે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર-નવસારી આ પરિષદનું આયોજન કરવામાં આવશે. જેમાં નવસારી જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૧૦ થી ૧૭ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ પોતાના પ્રોજેક્ટ રજૂ કરી શકશે.

આ પરિસદમાં ભાગ લેવા માટે ઓનલાઈન પોર્ટલ n-csc.in પર નોંધણી કરાવવાની રહેશે. વધુ માહિતી માટે જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર નવસારી મો.નંબર ૯૦૩૩૧ ૯૦૨૪૭, ૯૭૧૨૬૫૬૭૪૨ પર સંપર્ક કરવો.




આપનું અખબાર : આપનો અવાજ
DGT

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 17, July 2026

● ઉમરગામ
● સંજાણ
● ભીલાડ
● સરીગામ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પ્લેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in


અગાઉ આંગણવાડી બહેનો બાદ હવે OTP કોલથી સરપંચોને ફસાવવાના પ્રયાસ

## ઉમરગામના સરપંચોને સાયબર ક્રિમિનલોએ ટાર્ગેટ બનાવ્યા



**સાયબર ક્રિમિનલો લોકોનો વિશ્વાસ જીતવા માટે ગામના લોકોના નામનો પણ ઉપયોગ કરી રહ્યા છે. જેથી કોઈપણ શંકાસ્પદ કોલ આવે તો તરત જ ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો : નારગોલ સરપંચ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** ઉમરગામ તાલુકામાં સાયબર છેતરપિંડીનો નવો ટ્રેન્ડ સામે આવ્યો છે. અગાઉ આંગણવાડી કાર્યકર બહેનોને ટાર્ગેટ કરનારા સાયબર ક્રિમિનલોએ હવે ગામના સરપંચોને નિશાન બનાવ્યા છે. અજાણ્યા નંબરથી આવતા કોલ દ્વારા સરપંચો પાસેથી OTP મેળવીને છેતરપિંડી કરવાના પ્રયાસો વધી રહ્યા છે. ઉમરગામ તાલુકાના સરપંચોને અજાણ્યા નંબર પરથી ફોન આવી રહ્યા છે. ફોન કરનાર પોતાને સરકારી અધિકારી, બેંક કર્મચારી, વીમા કંપની પ્રતિનિધિ અથવા ગામના કોઈ નાગરિકનો ઓળખીતો હોવાનું જણાવે છે. ત્યારબાદ વાતોમાં પાડીને ગામના ફલાણા નાગરિકની સહાય/સબસિડી/ યોજનાના પૈસા જમા કરવા છે તેવું બહાનું આગળ ધરે છે. સરપંચ પાસેથી મોબાઈલ પર આવેલો ઓટીપી માંગીને તેના દ્વારા છેતરપિંડી કરવામાં આવે છે. કેટલાક કિસ્સામાં સરપંચનું નામ વાપરીને ગામના લોકોને પણ ફોન કરીને વિશ્વાસમાં લેવાનો પ્રયાસ થાય છે.

નારગોલ ગામના સરપંચ સ્વીટી ભંડારીએ જણાવ્યું છે કે સાયબર ક્રાઈમની ઘટનાને લઈ વલસાડ પોલીસ દ્વારા અનેક લોકદરબાર તથા વિશેષ બેઠકો કરી લોક જાગૃતિ કેળવવામાં આવે છે. છતાં લોકો સાયબર ક્રાઈમનો ભોગ બનતા હોય છે. જેથી ઉમરગામ તાલુકાના તમામ સરપંચો તથા નાગરિકોને સાવધાન રહેવું જરૂરી છે. કોઈપણ અજાણ્યા નંબરને OTP, બેંકની વિગતો કે આધાર નંબર ન આપો સરકારી યોજનાના નામે ફોન આવે તો સીધા તાલુકા પંચાયત કે પોલીસ સ્ટેશનમાં ચકાસણી કરો ગામના નાગરિકનું નામ લઈને દબાણ કરવામાં આવે તો પણ ઉતાવળે નિર્ણય ન લો. સાયબર ક્રિમિનલો લોકોનો વિશ્વાસ જીતવા માટે ગામના લોકોના નામનો પણ ઉપયોગ કરી રહ્યા છે. જેથી કોઈપણ શંકાસ્પદ કોલ આવે તો તરત જ ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. ઘટના બાદ ઉમરગામ તાલુકાના સરપંચો એકબીજાનો સંપર્ક કરી ટેલીફોનિક ખેતરપિંડી નો ભોગ ન બને તે માટે એકબીજાને માહિતગાર કરી રહ્યા છે.

ગ્રામ પંચાયતે એક મહિનાના સ્વચ્છતા અભિયાનથી

## દહેરી અન્ય ગ્રા.પં. માટે પ્રેરણારૂપ બની





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** ઉમરગામ તાલુકાની દહેરી ગ્રામ પંચાયતે સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સૂત્રને સાર્થક કરતાં સતત એક મહિના સુધી વ્યાપક સ્વચ્છતા અભિયાન ચલાવી સમગ્ર પંચાયત વિસ્તારને સ્વચ્છ બનાવી અન્ય ગ્રામ પંચાયતો માટે પ્રેરણારૂપ કામગીરી કરી છે. મારુ ગામ સ્વચ્છ ગામ પ્લાસ્ટિક મુક્ત ગામ બનાવવાનો સંકલ્પ સાકાર કર્યો અને રોજે રોજ ડોર ટુ ડોર ઘરેલુ કચરોના નિકાલ તથા ગામમાં સફાઈ કરવામાં આવી રહી છે અને લોકોને પણ ગામને સ્વચ્છ રાખવા સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. સરપંચ ધનેશભાઈ, ઉપસરપંચ ઉમેશભાઈ સોલંકી, ગ્રામ પંચાયતના સભ્યો, સ્થાનિક જાગૃત ગ્રામજનો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિઓના સહિયારા પ્રયાસોથી પંચાયત વિસ્તારના વિવિધ વોર્ડો અને મુખ્ય માર્ગો પર ઉગી નીકળેલા જાડી જાખરા તેમજ ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ અભિયાનથી સમગ્ર ગામમાં સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ સર્જાયું છે. ઉમરગામ વિસ્તારમાં સ્વચ્છતા અંગે જાગૃતતા માટે કામ કરી રહેલી સોસીયો ક્લીનર સંસ્થા પણ ઉમદા કાર્યમાં જોડાઈ હતી.

જિલ્લા કક્ષાએથી મળેલી સ્વચ્છતા અભિયાનની સૂચનાઓને ધ્યાનમાં રાખીને દહેરી ગ્રામ પંચાયતે ગ્રામજનોના સહકારથી આ અભિયાનને સફળ બનાવ્યું. ગ્રામજનોના સક્રિય સહભાગિતાના કારણે સમગ્ર વિસ્તાર સ્વચ્છ બન્યો છે, જે અન્ય ગ્રામ પંચાયતો માટે પણ પ્રેરણારૂપ સાબિત થયો છે.

ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસના વિવિધ કાર્યો પણ ગતિમાન છે. મૂળભૂત સુવિધાઓ ઉપરાંત કાર્યરત ઉદ્યોગો સીએસઆર અંતર્ગત પંચાયતને વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં સહયોગ આપી રહ્યા છે. તેમજ રોટરી ક્લબ જેવી સેવાકીય સંસ્થાઓ પણ આંગણવાડી સહિતના સામાજિક પ્રોજેક્ટોમાં સહભાગી બની રહી છે. દહેરી ગ્રામ પંચાયતની આ કામગીરીને ધારાસભ્ય રમણભાઈ પાટકરે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. ઉપસરપંચ ઉમેશભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, ગ્રામજનોના સહકારથી સ્વચ્છતા અભિયાન સફળ બન્યું છે અને તેમણે તમામ ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

મહારાષ્ટ્ર સરહદને અડીને આવેલ ગ્રા.પં. વિસ્તારમાં મર્ડર જેવા ગુનાઓની ચર્ચાઓ વધી

## ઉમરગામમાં સરહદી ગ્રામપંચાયતોની સોસાયટીઓમાં સીસીટીવી લગાવવા માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** મહારાષ્ટ્ર રાજ્યને અડીને આવેલા ઉમરગામ તાલુકાની ગ્રામ પંચાયતોમાં જિલ્લા કલેક્ટરના પરિપત્ર મુજબ જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને સીસીટીવી કેમેરા સ્થાપિત કરવાના નિયમોનો કડક અમલ થાય તેવી માંગ ઉઠી છે. ખાસ કરીને સોળસુંબા, ભાઠી કરમબેલી, ગોવાડા સહિતના વિસ્તારોની રહેણાંક સોસાયટીઓમાં નિયમોનું પાલન થઈ રહ્યું છે કે નહીં તેની તટસ્થ તપાસ કરવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી રહી છે. ઉમરગામ પોલીસ દ્વારા મુખ્ય માર્ગો, જાહેર સંસ્થાઓ, દુકાનો અને વ્યાપારી એકમોમાં સીસીટીવી કેમેરાની ચકાસણી કરી નિયમોના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી રહી છે, જે આવકારદાયક હોવાનું સ્થાનિકો માને



છે. જોકે મોટી સંખ્યામાં લોકો વસવાટ કરતી રહેણાંક સોસાયટીઓમાં પણ સમાન રીતે નિયમોનું પાલન થાય તે જરૂરી હોવાનું લોકોનું કહેવું છે. ખાસ કરીને સોળસુંબા પૂર્વ વિસ્તાર સહિત સરહદી ગ્રામ પંચાયતોમાં આવેલી અનેક સોસાયટીઓમાં સુરક્ષાના દ્રષ્ટિકોણથી પૂરતા પ્રમાણમાં સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવે તે સમયની જરૂરિયાત બની છે. અગાઉ કેટલીક સોસાયટીઓમાં ગંભીર પ્રકારના ગુનાઓ બન્યા હોવાથી ગુનાઓના ભેદ ઉકેલવામાં સીસીટીવી ફૂટેજ મહત્વની ભૂમિકા ભજવી ચૂક્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ કેટલીક સોસાયટીઓએ જિલ્લા કલેક્ટરના પરિપત્ર મુજબ જરૂરી સીસીટીવી વ્યવસ્થા ઉભી કરી છે, પરંતુ હજુ પણ કેટલીક સોસાયટીઓમાં નિયમોના પાલનમાં ખામી જોવા મળતી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

આવી સ્થિતિમાં સંબંધિત વિભાગ દ્વારા સ્થળ પર તપાસ કરી જરૂરી હોય ત્યાં નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

લોકોનું માનવું છે કે સરહદી વિસ્તારમાં આવેલી રહેણાંક સોસાયટીઓમાં સીસીટીવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાથી કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનશે તેમજ જાહેર સુરક્ષામાં વધારો થશે.

## ઉમરગામમાં પીએમ આવાસ યોજનાના બાકી હપ્તાની ચુકવણી માટે તંત્ર તૈયાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઉમરગામ તાલુકાના આશરે ૨૦૦ થી વધુ લાભાર્થીઓના પૂર્ણ થયેલા મકાનોના બીજા, ત્રીજા અને ચોથા હપ્તાની બાકી ચુકવણી અંગે કરવામાં આવેલી લેખિત રજૂઆતના અનુસંધાને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA), વલસાડ દ્વારા જવાબ પાઠવવામાં આવ્યો છે. જિલ્લા પંચાયતના સભ્ય નૂતન ભંડારી તથા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા રાકેશ રાય દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને પૂર્ણ થયેલા કામના બાકી હપ્તાની ચુકવણી માટે જરૂરી અનુદાન ફાળવવામાં આવે તેમજ સરીગામ જિલ્લા પંચાયત મતવિસ્તારના ગ્રામજનોના રોજિંદા ઉપયોગના વિવિધ અધૂરા વિકાસકાર્યોના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે.

## કલગામમાં નિ:શુલ્ક આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** કલગામ ગામમાં વિલેજ ડેવલપમેન્ટ કમિટીની તાલીમ યોજાઈ, જેમાં ગામના સર્વાંગી વિકાસમાં VDCની અસરકારક ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલીમ દરમિયાન ખેડૂતોને કુદરતી અને જૈવિક ખેતી, પાક આયોજન, જમીનની ફળદ્રુપતા, પાણી સંરક્ષણ અને આધુનિક કૃષિ પદ્ધતિઓ વિશે માહિતી અપાઈ.

કાર્યક્રમમાં મહિલા સ્વસહાય જૂથો (SHG)ની રચના, બચત, આંતરિક ધિરાણ, આજીવિકા પ્રવૃત્તિઓ અને મહિલા સશક્તિકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. સાથે જ સ્થાનિક સંસાધનોના આધારે ગૃહ ઉદ્યોગો, સ્વરોજગાર અને આવકવર્ધક પ્રવૃત્તિઓ અંગે પણ સમજ આપવામાં આવી.

તાલીમમાં જિલ્લા ઉપપ્રમુખ મયુરીબેન બારીયા, કલગામ ગ્રામ પંચાયતના ઉપસરપંચ રસિકભાઈ પટેલ, સભ્યો ઠાકોરભાઈ અને ભરતભાઈ સહિત ખેડૂતો, બહેનો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો. આ પ્રસંગે કલગામ બારીયાવાડ આંગણવાડી કેન્દ્ર ખાતે ૬૦ વર્ષથી વધુ વયના વડીલો માટે નિ:શુલ્ક આરોગ્ય તપાસ કેમ્પ પણ યોજાયો. કેમ્પમાં વડીલોનું બ્લડ પ્રેશર અને બ્લડ સુગરની તપાસ કરી જરૂરી આરોગ્ય સલાહ આપવામાં આવી. ગ્રામ વિકાસ અને આરોગ્ય જાગૃતિને પ્રોત્સાહન આપતા આ કાર્યક્રમને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક આવકાર્યો.

## નારગોલ ડેપોનું જર્જરિત મકાન તોડી પડાયું, નવું આધુનિક ડેપો બનવાની આશા

**૧૯૫૩માં બનેલું મકાન તોડી પડાતા વર્ષ ૨૦૦૩ થી બંધ પડેલો ડેપો ફરી શરૂ થવાની ચર્ચા તેજ, સરપંચની રજૂઆત રંગ લાવી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** ઉમરગામ તાલુકાની ઓળખ સમાન અને વર્ષ ૧૯૫૩માં નિર્માણ પામેલો નારગોલ ST ડેપો નું જર્જરિત મકાન હવે તોડી પાડવામાં આવ્યું છે. ST કોર્પોરેશન દ્વારા સમગ્ર સ્ટ્રક્ચર તોડી પાડતા જ નારગોલ ડેપો ફરી શરૂ થવાના ચક્રો ગતિમાન થયા હોવાના સંકેતો મળી રહ્યા છે.

વર્ષ ૨૦૦૩માં કોઈ સક્ષમ કારણ વિના ST કોર્પોરેશન દ્વારા ઐતિહાસિક નારગોલ ડેપો બંધ કરી દેવામાં આવ્યો હતો. ત્યારથી ઉમરગામ તાલુકાની ST સેવાનું સંચાલન વાપી ડેપોથી થતું હોવાથી આ વિસ્તારમાં ST બસોની સંખ્યામાં ભારે ઘટાડો થયો હતો. નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સહિત સ્થાનિકો દ્વારા છેલ્લા ઘણા સમયથી ડેપો પુનઃ શરૂ કરવાની સતત માંગણી કરવામાં આવી રહી હતી. ST કોર્પોરેશન દ્વારા હવે રાજ્યના તમામ ડેપોને અદ્યતન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેના ભાગરૂપે જર્જરિત થયેલા નારગોલ ડેપોનું મકાન તોડીને આવનારા





દિવસોમાં અહીં આધુનિક ડેપોનું નિર્માણ થાય તેવી શક્યતા વર્તાઈ રહી છે. આગામી દિવસોમાં નારગોલનો પોર્ટ સીટી અને પ્રવાસન ક્ષેત્ર તરીકે ભવ્ય વિકાસ થવાનો છે. આસપાસના વિસ્તારમાં હજારોની સંખ્યામાં ઉદ્યોગો પણ સ્થપાઈ ચૂક્યા છે. નારગોલ-ઉમરગામ વચ્ચેની ખાડી પર પુલોનું, પહોળા માર્ગો નિર્માણ થઈ જતા આ વિસ્તાર ST વિભાગ માટે આવકનો મોટો સ્રોત બનશે. હાલ નારગોલ ગામમાં ST વિભાગ પાસે પ્રાઈમ લોકેશન પર ૨ જમીન ઉપલબ્ધ છે. એક જ્યાં જૂનો ડેપો હતો અને બીજી દરિયા કિનારે સર્કિટ હાઉસ માટે અનામત જમીન છે. નારગોલ ડેપોથી મેન્ટેનન્સ કરીને નીકળતી બસ ઉમરગામના નવા બનેલા ST સ્ટેન્ડ સુધી પહોંચીને ગુજરાતના છેવાડાના ઉમરગામથી અંબાજી, સોમનાથ, દ્વારકા, અમદાવાદ, વડોદરા, સુરત તેમજ મહારાષ્ટ્રના નાસિક, નંદુરબાર, દહાણુ, મુંબઈ સુધીની સીધી બસો શરૂ કરી શકાશે.

**મુખ્યમંત્રીને રજૂઆત રંગ લાવી**

ઔદ્યોગિક અને પ્રવાસન વિકાસને ધ્યાનમાં રાખીને નારગોલના સરપંચ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને વિશેષ રજૂઆત કરવામાં આવી હતી. આ બાબતે ઉપમુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વ્યક્તિગત તરસ દાખવી રહ્યા છે જેનું હકારાત્મક પરિણામ હવે સામે આવતું જોવા મળી રહ્યું છે.

૨૨ વર્ષ બાદ નારગોલ ડેપો ફરી શરૂ થવાની શક્યતાથી નારગોલ સહિત સમગ્ર ઉમરગામ તાલુકાની જનતામાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ઉમરગામના યુવા કથાકાર હાર્દિકભાઈ શુક્લનું કેનેડામાં સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** કેનેડાના એડમિંટન શહેરમાં હિંદુ સોસાયટી ઓફ બ્યુમોંટ દ્વારા ભવ્ય આયોજન હેઠળ યોજાયેલી શ્રીમદ્ દેવી ભાગવત કથાના પાવન પ્રસંગે ગુજરાતના ઉમરગામના યુવા કથાકાર ભાગવતાચાર્ય શાસ્ત્રી શ્રી હાર્દિકભાઈ શુક્લ તથા શાસ્ત્રી ચંદુભાઈ શુક્લનું વિશેષ સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે કેનેડાના સંસદસભ્ય જગશરણસિંહ મહલ દ્વારા કેનેડા સરકાર વતી બંને વિદ્વાન કથાકારોને પ્રશંસાપત્ર અને સર્ટિફિકેટ અર્પણ કરવામાં આવ્યા. સન્માન દરમિયાન તેમણે જણાવ્યું કે, વસુધૈવ કુટુંબકમ્‌ના પવિત્ર ભાવ સાથે કેનેડાની ધરતી પર સનાતન ધર્મના મૂલ્યો, ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરાનો પ્રસાર-પ્રચાર કરવો એ અત્યંત પ્રશંસનીય કાર્ય છે.

તેમણે ભવિષ્યમાં પણ આવા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે કેનેડા સરકાર તરફથી હંમેશાં સહકાર અને હાર્દિક સ્વાગત રહેશે તેવી શુભેચ્છા વ્યક્ત કરી.

સાંસદ જગશરણસિંહ મહલે હિંદુ સોસાયટી ઓફ બ્યુમોંટ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મના પ્રચાર માટે કરવામાં આવતા ભગીરથ પ્રયાસોની પણ સરાહના કરી અને સમગ્ર સંસ્થાને અભિનંદન પાઠવ્યા.આ અવસર વલસાડના લોકસભા સાંસદ ધવલભાઈ પટેલ તેમજ ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરે લેટર અને વિડિયો સંદેશ દ્વારા હાર્દિકભાઈ શુક્લ, ચંદુભાઈ શુક્લ અને હિંદુ સોસાયટી ઓફ બ્યુમોંટને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમના આ શુભેચ્છા સંદેશ બદલ હિંદુ સોસાયટી ઓફ બ્યુમોંટ તથા કેનેડાના સાંસદ શ્રી જગશરણસિંહ મહલ દ્વારા સંસ્થાનો પવિત્ર ભગવો ખેસ મોકલી તેમનું સન્માન કરવામાં આવ્યું.વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિ, સનાતન ધર્મ અને શ્રીમદ્ દેવી ભાગવત કથાના માધ્યમથી આધ્યાત્મિક જાગૃતિ ફેલાવવાના આ અવસરને ઉમરગામ તથા સમગ્ર ગુજરાત માટે ગૌરવની ક્ષણ તરીકે જોવામાં આવી રહ્યો છે.

## ભીલાડમાં અજાણ્યા મૃતકની ઓળખ માટે પોલીસની અપીલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** ભીલાડ પોલીસ સ્ટેશન દ્વારા એક અજાણ્યા વ્યક્તિના અકસ્માતમાં થયેલા મૃત્યુ બાદ તેની ઓળખ મેળવવા માટે જાહેર અપીલ કરવામાં આવી છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યક્તિના વારસદારો અથવા ઓળખ ધરાવતા કોઈપણ નાગરિકોને તાત્કાલિક ભીલાડ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

તા. ૧૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે અંદાજે ૧૧:૩૦ વાગ્યાના સમયે વડોલી ગામના હડકોડ પંપિંગ સ્ટેશન નજીકથી પસાર થતી મુંબઈ-અમદાવાદ રેલવે લાઈનના કિલોમીટર નં. ૧૮૧/૦૬-૦૮ વચ્ચે એક અજાણ્યા પુરુષનો અકસ્માતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ટ્રેનની અડફેટે આવતા મૃત્યુ થયાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે મૃતદેહને કબજે લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકના મૃતદેહને વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે રાખવામાં આવ્યો હતો અને છેલ્લા ઘણા દિવસોથી તેની ઓળખ મેળવવા માટે વિવિધ પોલીસ સ્ટેશનો, સ્થાનિક વિસ્તારો તેમજ અન્ય માધ્યમો દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. તેમ છતાં અત્યાર સુધી મૃતકના પરિવારજનો અથવા ઓળખીતાઓનો કોઈ સંપર્ક થયો નથી. જો કોઈ વ્યક્તિ આ મૃતકને ઓળખતી હોય અથવા તેના પરિવાર વિશે કોઈ માહિતી ધરાવતી હોય તો ભીલાડ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. પોલીસે વધુમાં જણાવ્યું છે કે સમાજના લોકો દ્વારા આપવામાં આવતી નાનીથી નાની માહિતી પણ મૃતકની ઓળખ સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

ઈ.સ. ૧૯૮૪થી હોલીડે કેમ્પ પ્રોજેક્ટ વિવાદનો અંત આવ્યો

## નારગોલમાં આધુનિક રિસોર્ટથી પ્રવાસનને વેગ મળશે

**૩૫ વર્ષના વિવાદનો અંત આવતા પ્રવાસન વિભાગ ફરી સક્રિય બન્યું : ૧૯૮૪ માં ૭ એકર જમીન પ્રવાસન વિકાસ માટે ફાળવવામાં આવી હતી વિવાદના કારણે સંપૂર્ણ પ્રોજેક્ટનું બાળમરણ થયું હતું**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** છેલ્લા ૩૫ વર્ષથી વિવાદમાં અટવાયેલી નારગોલની દરિયા કિનારાની ૭ એકર જમીન હવે ફરી પ્રવાસન વિકાસ માટે ખુલી છે. ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન લિ. TCGL દ્વારા અહીં આધુનિક હોટલનું નિર્માણ કરવાની તૈયારી શરૂ કરવામાં આવી છે. જેના કારણે નારગોલ ગામના પ્રવાસન વિકાસને નવી ગતિ મળવાની આશા જાગી છે. વર્ષ ૧૯૮૪માં નારગોલ ગામની અંદર દરિયા કિનારા નજીક પ્રવાસન વિકાસ માટે ગુજરાત પ્રવાસન નિગમને ૭ એકર જમીન ફાળવવામાં આવી હતી. તે સમયે એક ખાનગી એજન્સીને હોલીડે કેમ્પ રિસોર્ટ બનાવવા માટે ૩૫ વર્ષની લીઝ પર જમીન આપવામાં આવી હતી. એજન્સીએ માત્ર પ્લીન્થ લેવલ સુધી જ બાંધકામ કર્યું અને ત્યારબાદ TCGL અને એજન્સી વચ્ચે વિવાદ થતા સંપૂર્ણ પ્રોજેક્ટનું બાળમરણ થયું હતું. લીઝનો સમય પૂરો ન થાય ત્યાં સુધી એજન્સીએ કબજો ન છોડતા TCGL કોઈ વિકાસ કાર્ય કરી શક્યું નહોતું. પરિણામે નારગોલના પ્રવાસન વિકાસને બ્રેક લાગી હતી. વિવાદના કારણે જમીનનો ઉપયોગ નહીં શકવાના કારણે એ જમીન ઉપર કાંટાળા બાવળ, ઝાડી-ઝાંખરા અને પ્લીન્થનો કાટમાળ જોવા મળે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે એજન્સીને આપવામાં આવેલી ૩૫ વર્ષની લીઝ પૂર્ણ થઈ ગઈ છે. જે બાદ TCGL ફરી સક્રિય બન્યું છે. સોમવારે TCGLના MDની સૂચનાથી ગાંધીનગરથી TCGLના મામલતદાર અને ઉમરગામના મામલતદારની સંયુક્ત ટીમે નારગોલ નિર્મલાદેવી આશ્રમની સામે, દરિયા કિનારાથી નજીક આવેલી જમીનનું સ્થળ નિરીક્ષણ કરીને રિપોર્ટ સબમિટ કર્યો છે. નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સ્વીટી ભંડારી દ્વારા કરવામાં આવેલી રજૂઆત, નારગોલમાં વધી રહેલી પ્રવાસીઓની સંખ્યા અને નારગોલનો સંભવિત પોર્ટ સીટી પ્રોજેક્ટ જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને TCGL દ્વારા અહીં આધુનિક સુવિધાઓ સાથેની હોટલ બનાવવાનો નિર્ણય લેવા જઈ રહી છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ અંતર્ગત અતિ આધુનિક હોટલનું નિર્માણ કરશે તેવું અનુમાન છે. TCGL દ્વારા બનનારી આ હોટલ આજની આધુનિક ટેકનોલોજી સાથે બનાવવામાં આવશે. જેથી નારગોલ આવતા દેશી-વિદેશી પ્રવાસીઓને ઉત્તમ કોટીની સુવિધાઓ



મળી રહે. નારગોલ બીચનો વિકાસ અને આસપાસના વિસ્તારમાં થઈ રહેલા ઔદ્યોગિક વિકાસને જોતા આ હોટલ પ્રવાસન ક્ષેત્રે સીમાચિહ્ન બની રહેશે. સ્થાનિકોનું માનવું છે કે આવનારા દિવસોમાં નારગોલના પ્રવાસન વિકાસને ધ્યાનમાં રાખીને ગિફ્ટ સીટીની જેમ અહીં લિકરની શરતી છૂટછાટની શક્યતા પણ નકારી શકાય તેમ નથી. ૩૫ વર્ષના લાંબા વિરામ બાદ નારગોલમાં પ્રવાસન પ્રોજેક્ટ આગળ વધવા જઈ રહ્યો છે જેને લઈ સ્થાનિક ગ્રામજનોમાં ખુશીનો માહોલ છે. આ હોટલ નારગોલને ગુજરાતના નકશા પર પ્રવાસનના મોખરાના સ્થળ તરીકે સ્થાપિત કરશે.

પોલીસની સમયસરની કામગીરીથી એક જીવ બચ્યો

## ભીલાડ પોલીસે યુવકને શોધી પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૬ :** ભીલાડ-સરીગામ પોલીસની સમયસરની કાર્યવાહી અને સતર્કતાના કારણે એક ૨૬ વર્ષીય યુવકને સુરક્ષિત રીતે શોધી તેના પરિવાર સાથે પુનઃમિલન કરાવવામાં સફળતા મળી છે.મળતી માહિતી મુજબ, તા. ૧૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ સરીગામ પોલીસ સ્ટેશન ખાતે એક મહિલાએ જાણ કરી હતી કે તેમનો ૨૬ વર્ષીય પુત્ર ઘરેથી નીકળી ગયો છે અને તેણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આત્મહત્યા અંગે સંકેત આપતો સ્ટેટસ મૂક્યો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ પોલીસ તંત્ર તરત જ સક્રિય બન્યું હતું.

ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન પોલીસ સતર્ક પોલીસ, સુરક્ષિત યુવક:આત્મહત્યાના સંકેત વચ્ચે પોલીસ બની જીવનદાતા, યુવકને સુરક્ષિત બચાવ્યો . હેઠળ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક વાપી વિભાગ ઓના માર્ગદર્શન બી.એન.દવે મુજબ પોલીસ ઈન્સ્પેક્ટર .બી.આર.બેરા ના નેતૃત્વમાં ભીલાડ-સરીગામ પોલીસ સ્ટાફે ટેકનિકલ માહિતી અને અન્ય આધુનિક સાધનોની મદદથી યુવકનું લોકેશન શોધી કાઢ્યું હતું. ત્યારબાદ યુવકને સુરક્ષિત રીતે શોધી તેની કાઉન્સેલિંગ કરી માનસિક રીતે સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પોલીસની સંવેદનશીલ કામગીરીના પરિણામે યુવકને સુરક્ષિત રીતે તેના પરિવારજનોને સોંપી પરિવાર સાથે પુનઃમિલન કરાવવામાં આવ્યું. ભીલાડ-સરીગામ પોલીસની સમયસૂચકતા, સંવેદનશીલતા અને માનવતાભરી કામગીરીને સ્થાનિક લોકો દ્વારા બિરદાવવામાં આવી રહી છે. પોલીસે ફરી એકવાર સાબિત કર્યું છે કે, કાયદો અને વ્યવસ્થાની જાળવણી ઉપરાંત સંકટમાં સપડાયેલા વ્યક્તિના જીવનની સુરક્ષા અને માનવતાના ધોરણે તાત્કાલિક મદદ પહોંચાડવી પણ પોલીસની મહત્વપૂર્ણ ફરજ છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 17, July 2026


## રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં બેચેની કે બગાવત?

મહારાષ્ટ્રના રાજકારણમાં મૂળ શિવસેનામાં ભંગાણ પડયા પછી આંચકા ચાલુ રહ્યા છે ! તાજેતરમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં ગંભીર હલચલ થઈ રહી હોવાના અહેવાલ આવી રહ્યા છે. સ્થાપક પ્રમુખ - શરદ પવાર એનડીએમાં જશે કે પછી ભાજપની મહાયુતિમાં જોડાશે - તેની અટકળો છે અને અફવા બજાર જોરમાં છે, પણ મહારાષ્ટ્રના રાજકારણની સ્થિતિ ભર્યા નાળિયેર જેવી છે ! શરદ પવાર મૌન છે, પણ મહારાષ્ટ્રના રાજકારણમાં અઠંગ ખેલાડી - ચાણક્ય છે. એમના મૌન પાછળ પણ રાજકીય વ્યૂહ અને ગણતરી હોય છે ! શરદ પવારના રાષ્ટ્રવાદી કોંગ્રેસ જૂથમાં અનિ?ત વાતાવરણ હોવાથી ઘણા નેતાઓ ચિંતિત છે એવું નિવેદન પૂર્વ મુખ્ય પ્રધાન પૃથ્વીરાજ ચવ્હાણે કર્યા પછી અજિત પવાર - જૂથના કાર્યવાહક પ્રમુખ પ્રફુલ્લભાઈ પટેલે પણ ટાપસી પુરાવી હતી કે શરદ પવાર જૂથમાં બેચેની ઘણી છે - આ વિષયની ચર્ચા ચાલતી હતી, ત્યાં અચાનક સુનેત્રા અજિત પવાર સામે વિરોધ - બગાવતની શરૂઆત થઈ છે. અજિતદાદા પવારનું બારામતીમાં વિમાન અકસ્માતમાં મૃત્યુ થયા પછી સિનિયર નેતા પ્રફુલ્લભાઈ પટેલે રાષ્ટ્રવાદી કોંગ્રેસ - (અજિતદાદા ગ્રુપ)ના કાર્યવાહક પ્રમુખની જવાબદારી સંભાળી અને તે પછી સુનેત્રા પવાર મહારાષ્ટ્રમાં નાયબ મુખ્ય પ્રધાન બન્યાં અને એમના પુત્ર પાર્થને રાજ્યસભાની બેઠક મળી ત્યારથી એમના પક્ષમાં ઉચાટ શરૂ થયો છે. અન્ય નેતાઓની ફરિયાદ છે કે, પક્ષની કાર્યવાહીમાં પાર્થ હાવિ થઈ ગયા છે - એમના જ હુકમ ચાલે છે અને તે છતાં જનતામાં એમનો કોઈ પ્રભાવ નથી - ચૂંટણીમાં ફાયદો થવાની આશા નથી. મહારાષ્ટ્ર સરકારમાં સુનેત્રા નાયબ મુખ્ય પ્રધાન હોવા છતાં એમને અજિતદાદાનો વારસો મળ્યો નથી, નાણાં ખાતું મળ્યું નહીં હોવાથી પક્ષના નેતાઓએ એમના વિસ્તારોના કામ માટે ભાજપ પાસે જવું પડે છે એવી ફરિયાદ - બળાપો કાઢી રહ્યા છે! આમ શરદ પવાર ઉપરથી હવે સૌનું ધ્યાન અજિતદાદાની રાષ્ટ્રવાદી કોંગ્રેસ ઉપર કેન્દ્રિત થયું છે. અલબત્ત, આ ધડાકો હવે થયો છે, પણ અંદરખાને હિલચાલ ક્યારની શરૂ થઈ હતી. પક્ષના પૂર્વ રાષ્ટ્રીય સચિવ સચ્ચિદાનંદ સિંહે સુનેત્રાને કાનૂની નોટિસ મોકલી છે જેમાં જણાવાયું છે કે, અજિતદાદાના અવસાન પછી કાર્યવાહક પ્રમુખ પ્રફુલ્લ પટેલ જ્યાં સુધી પક્ષના બંધારણ મુજબ ચૂંટણી થાય અને નવા પ્રમુખ ચૂંટાય નહીં ત્યાં સુધી, પદ ઉપર રહેશે એવી જોગવાઈ હતી અને ૧૬મી ફેબ્રુઆરીએ પક્ષનું સુધારેલું બંધારણ ચૂંટણી પંચને સુપરત કરવામાં આવ્યું હતું. આમ છતાં પક્ષના નિમાયેલા સચિવ બ્રિજ મોહન શ્રીવાસ્તવે એક ઠરાવથી ૧૮મી ફેબ્રુઆરીએ ચૂંટણી પ્રક્રિયા શરૂ કરી અને નવા પ્રમુખની વરણી માટે સંમેલન બોલાવીને સુનેત્રાને પ્રમુખ બનાવી દીધા.

## જૂનાગઢ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સ્નેક અવેરનેસ કાર્યક્રમ




**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વિશ્વ સર્પ દિવસ-૨૦૨૬ નિમિત્તે ગુજરાત કાઉન્સિલ ઓન સાઈન્સ એન્ડ ટેકનોલોજી પ્રસ્થાપિત બ્રહ્મચારી શ્રી ભગવતીનંદજી એજ્યુકેશન સંચાલિત શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આજરોજ સ્નેક અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને લોકોમાં સર્પો પ્રત્યેની વૈજ્ઞાનિક સમજ વિકસાવવી, સર્પ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવી તેમજ સર્પદંશથી બચવાના ઉપાયો અને -થમિક સારવાર અંગે યોગ્ય માર્ગદર્શન આપવાનો હતો. જેમાં ડૉ.ધવલ વારગીયા દ્વારા સર્પો પ્રકૃતિના અતિ મહત્વપૂર્ણ જીવ છે, જે ઉંદરોની વસ્તીને નિયંત્રિત કરીને કૃષિ અને પર્યાવરણ ના સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે જણાવ્યું કે અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાના કારણે લોકો સર્પો ને નુકસાન પહોંચાડે છે, જ્યારે વૈજ્ઞાનિક માહિતી અને જાગૃતિ દ્વારા તેમનું સંરક્ષણ શક્ય બની શકે છે.

સર્પોની વિવિધ પ્રજાતિઓ, ઝેરી અને બિનઝેરી સર્પોની ઓળખ, ગુજરાતમાં જોવા મળતા તથા સૌરાષ્ટ માં જોવા મળતા સામાન્ય સર્પો, તેમની જીવનશૈલી, પર્યાવરણમાં તેમનું મહત્વ તથા વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ મળતા રક્ષણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ સર્પોની ઓળખ આપવા માં આવી જૈવ વિવિધતા સંરક્ષણ, પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અને સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળતું હોવાનું જણાવ્યું હતું. આ તકે ભગિની સંસ્કાર કેન્દ્ર ની વિધાર્થીની બહેનો તથા સંચાલક હિરેનભાઇ મંડિર લાભ લીધો હતો. આ પ્રોગ્રામ ને સફળ બનાવવા શ્રધ્ધાબેન કચોટ, રીનાબેન મકવાણા, પ્રતાપસિંહ ઓરા દ્વારા જેહમત ઉઠાવી હતી તેવી અખબારી યાદી માં ડી.કોઓડીનેટર પ્રતાપસિંહ ઓરા એ જણાવ્યું હતું.

## મમતા બેનર્જીને વધુ એક ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)
કોલકાતા, તા.૧૬ : મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. અભિનેત્રીમાંથી રાજકારણી બનેલા અને પશ્ચિમ બંગાળના ટીએમસી રાજ્યસભાના સાંસદ કોયલ મલિકે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેઓ પાર્ટીમાંથી રાજીનામું આપનારા ચોથા સાંસદ છે; તેમના પહેલા ત્રણ અન્ય સાંસદો પાર્ટી છોડી ચૂક્યા છે.કોયલ મલિકનું સાચું નામ રુક્મિણી મલિક છે. તે એક પ્રખ્યાત બંગાળી અભિનેત્રી છે, જે મુખ્યત્વે ટોલીવુડની "ટોલી-ક્વીન" તરીકે જાણીતી છે. રાજ્યસભાના અધ્યક્ષ સીપી રાધાકૃષ્ણનને સંબોધિત પત્રમાં, કોયલ મલિકે જણાવ્યું છે કે તે પોતાના પદ પરથી રાજીનામું આપી રહી છે અને રાજીનામું સ્વીકારવા વિનંતી કરી છે. તેમણે રાજ્યસભાના તમામ અધિકારીઓ અને સભ્યોનો પણ આભાર માન્યો છે.

# આજે મોદી જીંદ-સોનીપત રૂટ પર ભારતની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનનું લોન્ચિંગ કરશે



(જી.એન.એસ) તા. ૧૬
સોનીપત,આજે (શુક્રવારે) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હરિયાણાના જીંદ-સોનીપત સેક્શન પર દેશની પ્રથમ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ટ્રેનસેટ લોન્ચ કરવા સાથે, ભારત હાઈડ્રોજન સંચાલિત પેસેન્જર ટ્રેનો ચલાવતા દેશોના નાના જૂથમાં પ્રવેશ કરવા માટે તૈયાર છે.

૧૦ કોચવાળી આ ટ્રેન, જે લગભગ ૨,૬૦૦ મુસાફરોને લઈ જવાની ક્ષમતા ધરાવે છે, તે વૈશ્વિક સ્તરે વિકસિત સૌથી મોટી હાઈડ્રોજન સંચાલિત પેસેન્જર ટ્રેનસેટમાંની એક છે. પરંપરાગત ઈલેક્ટ્રિક ટ્રેનો જે ઓવરહેડ પાવર લાઈન અથવા ડીઝલ લોકોમોટિવ પર આધાર રાખે છે તેનાથી વિપરીત, તે હાઈડ્રોજન ફ્યુઅલ સેલનો ઉપયોગ કરીને પોતાની વીજળી ઉત્પન્ન કરે છે, જે ફક્ત પાણીની વરાળ અને ગરમીને સીધા ઉત્સર્જન તરીકે ઉત્પન્ન કરે છે," પ્રેસ રિલીઝમાં જણાવાયું છે.રાષ્ટ્રીય પરિવહન કંપનીએ તેના બ્રોડગેજ નેટવર્કના ૯૯ ટકાથી વધુ ભાગને વીજળીકૃત કર્યા પછી, ડીઝલ પરની નિર્ભરતામાં તીવ્ર ઘટાડો કર્યા પછી, ભારતીય રેલ્વેના સ્વચ્છ ઉર્જા પ્રવચનમાં આ પ્રોજેક્ટ વધુ એક સીમાચિહ્નરૂપ છે.

રૂટની વિગતો-હાઈડ્રોજન ફ્યુઅલ સેલ સંચાલિત ટ્રેન શરૂઆતમાં ઉત્તર રેલ્વેના જીંદ-સોનીપત વિભાગ પર દોડશે, જે જીંદ જંક્શન, ગોહાના જંક્શન અને સોનીપતને જોડશે, જ્યારે મધ્યવર્તી સ્ટેશનો અને જીંદ સિટી, પાંડુ પિંડારા જંક્શન, લલિત ખેરા હોલ્ટ, ભાંભેવા, ઈસાપુર ખેરી હોલ્ટ, બ્યુટેન હોલ્ટ, ખંડરાઈ હોલ્ટ, રાબરાહ હોલ્ટ, લાથ હોલ્ટ, મોહના, બરવાસની હોલ્ટ અને સોનીપત ન્યૂ સહિતના પ્રસ્તાવિત હોલ્ટ પર સેવા આપશે.નિયમિત ઓપરેટિંગ પરિસ્થિતિઓમાં હાઈડ્રોજન સંચાલિત પેસેન્જર ટ્રેન સેવાઓની કાર્યક્ષમ કાર્યક્ષમતા, સલામતી અને વિશ્વસનીયતા દર્શાવવા માટે આ રૂટ પસંદ કરવામાં આવ્યો છે.

હાઈડ્રોજન ફ્યુઅલ સેલ પર ચાલતી ટ્રેન

ટ્રેન પ્રોટોન એક્સચેન્જ મેમ્બ્રેન (ઈર) ફ્યુઅલ સેલ સિસ્ટમ દ્વારા સંચાલિત છે. ઉચ્ચ દબાણવાળા સિલિન્ડરોમાં સંગ્રહિત હાઈડ્રોજન વાતાવરણમાંથી ઓક્સિજન સાથે પ્રતિક્રિયા આપીને વીજળી ઉત્પન્ન કરે છે, જે ટ્રેક્શન મોટર્સને શક્તિ આપે છે.ટ્રેનમાં બે હાઈડ્રોજન ડ્રાઈવિંગ પાવર કાર, દરેક છેડે એક અને આઠ પેસેન્જર કોચનો સમાવેશ થાય છે. દરેક પાવર કાર ૧,૨૦૦ ાઉ (લગભગ ૧,૬૦૦ હોર્સપાવર) ઉત્પન્ન કરે છે, જે ટ્રેનને ૧૧૦ કિમી પ્રતિ કલાકની ડિઝાઈન ગતિ આપે છે. જોકે, પાયલોટ તબક્કા દરમિયાન, તે ઉત્તર રેલ્વે હેઠળ ૮૯ કિમી લાંબા જીંદ-સોનીપત રૂટ પર ૭૫ કિમી પ્રતિ કલાક સુધીની ઝડપે કાર્ય કરશે.

કામગીરીને ટેકો આપવા માટે, ભારતીય રેલ્વેએ હરિયાણાના જીંદ ખાતે દેશની સૌથી મોટી રેલ્વે હાઈડ્રોજન રિફ્યુઅલિંગ સુવિધા બનાવી છે.

# અમેરિકા-ઈરાન તણાવ ચરમસીમાએ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૧૬
પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ)માં સૈન્ય તણાવ અત્યંત ખતરનાક સ્તરે પહોંચી ગયો છે. અમેરિકાએ ઈરાન સામેની સૈન્ય કાર્યવાહીના સતત પાંચમા દિવસે પણ ઈરાની સૈન્ય ઠેકાણાઓ પર ભીષણ હુમલા ચાલુ રાખ્યા છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ ના જણાવ્યા અનુસાર, હોર્મુઝ જળડમરુમધ્યમાં ઈરાનના બંદરો પર લાદવામાં આવેલી નાકાબંધી તોડવાનો પ્રયાસ કરી રહેલા એક ખાલી ઓઈલ ટેન્કરને અમેરિકી એરક્રાફ્ટે હેલફાયર મિસાઈલો દાગીને નિષ્ક્રિય કરી દીધું છે, જેથી તે આગળ વધી શક્યું નથી.અમેરિકા દ્વારા કરવામાં આવેલા આ હવાઈ હુમલાના નવા રાઉન્ડ બાદ ઈરાનના અનેક વિસ્તારો ધડાકાઓથી ગુંજી ઉઠ્યા હતા. જેમાં દક્ષિણના મુખ્ય બંદર શહેર બંદર અબ્બાસ, તેમજ અહવાઝ અને ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતા ચાબહાર શહેરનો સમાવેશ થાય છે. ઈરાની સરકારી મીડિયાના અહેવાલ મુજબ, અહવાઝમાં કેન્સર પીડિત બાળકોની હોસ્પિટલ (શાહિદ બગાઈ હોસ્પિટલ) ની નજીક જ અમેરિકી મિસાઈલ પડવાને કારણે દર્દીઓ અને તેમના પરિવારોને તાત્કાલિક ત્યાંથી ખસેડવા પડ્યા હતા. આ આસપાસના રહેણાંક વિસ્તારો અને મકાનોની બારીઓના કાચ તૂટી ગયા હોવાના અહેવાલ છે.વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, આ સમગ્ર સૈન્ય ઓપરેશન આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સીધા નિર્દેશ પર હાથ ધરવામાં આવ્યું છે. અમેરિકાનો દાવો છે કે ઈરાન આંતરરાષ્ટ્રીય જહાજોને ડરાવવા અને વૈશ્વિક વેપાર ખોરવવાનું કામ કરી રહ્યું હતું. બુધવારે બપોરે ૩:૦૦ વાગ્યે શરૂ થયેલી આ બીજી મોટી સૈન્ય કાર્યવાહીને કારણે વૈશ્વિક બજાર અને ક્રૂડ ઓઈલની સપ્લાય ચેઈન પર મોટું સંકટ ઊભું થયું છે.

# ભારતે ડીઝલ અને ફ્યુઅલ જેટ ઈંધણની નિકાસ પર ટેક્સ વધાર્યો




### ડીઝલ પર પ્રતિ લિટર ૮.૫ થી વધારીને ૧૫.૫૦ રૂપિયા અને ATF પર ૭.૫૦ થી વધારીને ૧૪.૫ રૂપિયા કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ : અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા સંઘર્ષના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો સતત વધી રહી છે. આ વૈશ્વિક કટોકટી વચ્ચે ભારત સરકારે દેશમાં ઈંધણની તંગી અને મોંઘવારી રોકવા માટે મોટો નિર્ણય લીધો છે. સરકારે ડીઝલ અને જેટ ઈંધણ (ATF)ના નિકાસ પરના વિન્ડફોલ ટેક્સમાં મોટો વધારો ઝીંકી દીધો છે. આ નવા દરો આજથી એટલે કે ગુરુવાર, ૧૬ જુલાઈથી જ અમલી બની ગયા છે.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આદેશ અનુસાર, ડીઝલના નિકાસ પરનો વિન્ડફોલ ટેક્સ પ્રતિ લીટર ૮.૫ રૂપિયાથી સીધો વધારીને ૧૫.૫૦ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, વિમાનમાં વપરાતા એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) એટલે કે જેટ ઈંધણ પરનો ટેક્સ પણ પ્રતિ લીટર ૭.૫૦ રૂપિયાથી વધારીને ૧૪.૫ રૂપિયા કરવામાં આવ્યો છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ મોંઘું થતાં સરકારે નિકાસને અંકુશમાં લેવા આ પગલું ભર્યું છે.

# સોનમ વાંગચુકની ભૂખ હડતાળ; સરકારી ડૉક્ટર દેખરેખ રાખશે: દિલ્હી હાઈકોર્ટ

## કેજરીવાલ અને ડિમ્પલ યાદવ વાંગચુકને મળ્યા

(જી.એન.એસ) તા. ૧૬
નવી દિલ્હી, દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે એક મહત્વના ઘટનાક્રમને ધ્યાનમાં રાખીને કહ્યું હતું કે, સરકારી ડોક્ટર સોનમ વાંગચુકની ભૂખ હડતાળ ૧૯મા દિવસે પ્રવેશી ગઈ છે, તેથી તેમનું નિરીક્ષણ કરશે. સોનમ વાંગચુકના જીવનને બચાવવા માટે જે પણ તબીબી હસ્તક્ષેપની જરૂર હોય તે સરકારે જ કરવું જોઈએ, એમ હાઈકોર્ટે કેન્દ્રને જણાવ્યું. મુખ્ય ન્યાયાધીશ ડી કે ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કારિયાની બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે જીવન કિંમતી છે અને કહ્યું હતું કે વાંગચુકની સ્થિતિની નિયમિત તપાસ સરકારી ડોકટરો દ્વારા થવી જોઈએ. દિલ્હી હાઈકોર્ટે બુધવારે




દાખલ કરેલી અરજી પર આ ચુકાદો આપ્યો હતો જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે જો ૫૯ વર્ષીય વ્યક્તિ ઉપવાસ નહીં તો આગામી ૪૮ કલાક સુધી બચી શકશે નહીં. અરજીમાં કેન્દ્ર સરકાર પર પરિસ્થિતિ પ્રત્યે "ઓછી ચિંતિત અને અસંવેદનશીલ" હોવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો અને કાર્યકર્તાને બળજબરીથી ખોરાક આપવાના નિર્દેશોની માંગ કરવામાં આવી હતી. જંતર-મંતર પર ઉપવાસ પર બેઠેલા સોનમ વાંગચુક સાથે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આપ (છછ)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવે મુલાકાત કરી હતી.

# પુરીમાં જગન્નાથ રથયાત્રામાં નાસભાગ, એકનું મોત, અનેકને ઈજા

(સંપૂર્ણ સમાચાર સેવા)
પુરી, તા.૧૬ : ઓડિશાના પુરીમાં જગપ્રસિદ્ધ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ગુરુવારથી ભક્તિભાવપૂર્વક પ્રારંભ થયો છે. જોકે, રથયાત્રાના પ્રથમ દિવસે જ ભક્તોની ભારે ભીડને કારણે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. લાખો ભક્તોની હાજરી વચ્ચે થયેલી દોડધામમાં ગૂંગળામણના કારણે એક શ્રદ્ધાળુનું મોત નીપજ્યું છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના રથોને જ્યારે ૧૨મી સદીના મુખ્ય મંદિરથી બહાર કાઢવામાં આવી રહ્યા હતા, ત્યારે તેમને જોવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. આ અતિશય ભીડમાં શ્વાસ લેવાની તકલીફ થતાં એક શ્રદ્ધાળુ અચાનક બેહોશ થઈને ઢળી પડ્યો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાને પગલે સ્પેશિયલ રેસ્ક્યુ યુનિટ (SRU)ની ટીમોએ તુરંત જ બચાવ કામગીરી શરૂ કરીને અસરગ્રસ્તોને ભીડમાંથી બહાર કાઢ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે પુરીની મેડિકલ કોલેજ અને અન્ય હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. ભીડ પર નિયંત્રણ મેળવવા માટે પ્રશાસન દ્વારા તાત્કાલિક વધારાની સુરક્ષા અને મેડિકલ ટીમો તૈનાત કરી દેવામાં આવી છે.

આ અગાઉ, પરંપરાગત વાદ્યો, શંખનાદ અને ઝાંઝ-પખવાજના નાદ સાથે ભગવાનની યાત્રા શરૂ થઈ હતી. સૌપ્રથમ ચક્રરાજ સુદર્શનને રથ પર બિરાજમાન કરાયા હતા અને ત્યારબાદ દેવી સુભદ્રા તથા ભગવાન જગન્નાથના રથોને પ્રસ્થાન કરાવાયા હતા. આ સમયે સમગ્ર પુરી જય જગન્નાથના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. આ યાત્રા મુખ્ય મંદિરથી ગુન્ડિચા મંદિર સુધી જશે. પુરીમાં છેલ્લા ૨૪ કલાકમાં અંદાજે ૨૦૦ મિલીમીટર જેટલો ભારે વરસાદ નોંધાયો છે.

## ચોમાસું સત્ર પહેલા વિપક્ષની વ્યૂહનીતિ સ્પષ્ટ

# બંધારણ સુધારા અને સીમાંકન બિલનો વિપક્ષ વિરોધ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ : સંસદમાં ચોમાસુ સત્ર દરમિયાન કેન્દ્ર સરકારને ઘેરવા માટે કોંગ્રેસે વ્યૂહનીતિ ઘડી કાઢી છે. પાર્ટીની સંસદીય વ્યૂહરચના સમિતિની લગભગ દોઢ કલાક સુધી બેઠક યોજાઈ હતી. ત્યારબાદ કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશ અને સાંસદ નાસિર હુસેને પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે, અમારી પાર્ટી સરકારના મુખ્ય વિધેયકોનો વિરોધ કરશે. કોંગ્રેસે કહ્યું કે, સીમાંકન, બંધારણીય સુધારો, વન નેશન, વન ઈલેક્શન, એફસીઆરએ સુધારો અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદામાં સૂચિત ફેરફારોનો વિરોધ કરશે.

કોંગ્રેસે એવું પણ કહ્યું કે, ચોમાસા સત્ર દરમિયાન કયા-કયા વિધેયકો રજૂ કરવામાં આવશે, તેની સરકારે કોઈ ઔપચારિક માહિતી આપી નથી. આ જ કારણે બેઠકમાં સંભવિત વિધેયકોની વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. ૧૯ જુલાઈએ સર્વપક્ષીય બેઠકમાં સરકાર પાસે સંભવિત વિધેયકો અંગે માહિતી માંગવામાં આવશે. આ ઉપરાંત શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પણ માંગવામાં આવશે.

કોંગ્રેસે સર્વપક્ષીય બેઠકની પ્રક્રિયા પર પણ વાંધો ઉઠાવ્યો છે. જયરામ રમેશે કહ્યું કે, 'હવે આવી બેઠકનું કોઈ મહત્ત્વ રહ્યું નથી, તે માત્ર ઔપચારિક બની ગઈ છે. બેઠકમાં નેતાઓ પોતાની રજૂઆત કરે છે, પરંતુ આખરે કોઈ અન્ય જ નિર્ણય લે છે. આ ઉપરાંત વિપક્ષની સલાહને પણ ગંભીરતાથી લેવામાં આવતી નથી.'

# અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક-પૌરાણિક રથયાત્રા નીકળી



(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૬ : ભગવાન જગન્નાથજીની ૧૪૯મી ઐતિહાસિક અને પૌરાણિક રથયાત્રા ગુરુવારા રોજ અમદાવાદના જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરેથી ભક્તિભાવ વચ્ચે નીકળી છે. અષાઢી બીજના પવિત્ર અવસરે વર્ષમાં એકવાર ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળીને લાખો ભક્તોને દર્શન આપે છે. આ વર્ષે પણ રથયાત્રાને લઈને શહેરમાં ભક્તિનો માહોલ છવાયો છે અને કડકસુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આજે હમણા સુધીની તમામ યાત્રાઓ કરતાં ખૂબ જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દેશ અને રાજ્યના અલગ અલગ ભાગોમાંથી અમદાવાદ ખાતે પધાર્યા છે. સૌ ભગવાન જગન્નાથજીના ભક્તોને ખૂબ સારી રીતે યાત્રાના દર્શન થઇ શકે તે માટે ૩૦ હજાર જેટલા પોલીસ જવાનોની ગોઠવણ કરવામાં આવી હતી. આજે આખા યાત્રાના રૂટમાં ચારેય દિશાઓથી જય રણછોડ, જય રણછોડના નારાથી યાત્રાનું અદભુત સ્વાગત કરવામાં આવ્યું છે. હું તમામ સમાજના અગ્રણીઓને અભિનંદન આપું છે. લગભગ ૧૦ લાખથી વધુ લોકો દર્શનાર્થે આ યાત્રામાં જોડાયા છે. ક્યારે ન જોયા હોય તેટલા ભક્તો આ વખતે રથયાત્રામાં દર્શન માટે જોડાયા છે.

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો ભવ્ય નજારો જોવા મળ્યો છે. નગરના નાથ ભગવાન જગન્નાથજી ભક્તોને દર્શન આપવા માટે નીકળ્યા ત્યારે રસ્તાઓ પર શ્રદ્ધાળુઓનો માનવ મહાસાગર ઉમટી પડ્યો હતો. ભક્તો પોતાના કાનાજી લઈને રથયાત્રામાં જોડાયા હતા.

## યુદ્ધ વચ્ચે શિપિંગ કંપનીઓને સરકારનો કડક આદેશ--

# જહાજો પર ભારતીય નાવિકોને તૈનાત ન કરવા સરકારની એડવાઈઝરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૬ : અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz)માં ભારતીય નાવિકોના મોતના પગલે હવે ભારત સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે.

સરકારે શિપિંગ કંપનીઓ માટે એક એડવાઈઝરી જાહેર કરીને કડક ચેતવણી આપી છે કે, આ માર્ગ પરથી પસાર થતા કોઈપણ જહાજ પર હાલમાં ભારતીય નાવિકોની તૈનાતી ન કરવામાં આવે. અમેરિકા અને ઈરાન વચ્ચે બગડતા સંબંધોને જોતા આ મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે.

ભારતમાં દરિયાઈ બાબતોની દેખરેખ રાખતી સંસ્થા, ડાયરેક્ટોરેટ જનરલ ઓફ મેરિટાઈમ એડમિનિસ્ટ્રેશન (DGMA)એ શિપ ઓનર્સ, શિપ મેનેજર્સ અને એજન્સીઓ માટે આ એડવાઈઝરી જાહેર કરી છે. આ અંતર્ગત સરકારે તમામ કંપનીઓને નિર્દેશ આપ્યો છે કે, તેઓ આગામી આદેશ સુધી હોર્મુઝમાંથી પસાર થતા કોઈપણ જહાજ પર ભારતીય નાવિકોને તૈનાત કરવાનું સંપૂર્ણપણે ટાળે.

DGMAએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ શેર કરીને જણાવ્યું છે કે, યુદ્ધ પ્રભાવિત આ ક્ષેત્રમાં કોમર્શિયલ જહાજો પર સતત થઈ રહેલા હુમલાઓને ધ્યાનમાં રાખીને ભારતીય નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. DGMAએ જણાવ્યું છે કે, સરકાર અખાતી દેશોમાં ઝડપથી બદલાતી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે. સુરક્ષાના જોખમોને ધ્યાનમાં રાખીને DGMA એ તમામ સંબંધિત પક્ષોને કેટલાક જરૂરી સાવચેતીના પગલાં લેવાના આદેશ આપ્યા છે.

તૈનાત પર રોકઃ શિપ ઓનર્સ અને RPSL કંપનીઓ આગામી આદેશ સુધી હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજો પર ભારતીય નાવિકોને મોકલવાનું ટાળે.

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૯૬/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

વાદી:- ગવળી બાળુભાઈ રતનભાઈ, રહે. ભુતરૂણ, મોહપાડા, તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગૃપ ગ્રામ પંચાયત મોહપાડા, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ગવળી બાળુભાઈ રતનભાઈ** રહે. ભુતરૂણ, મોહપાડા, તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **અર્ચના બાળુભાઈ ગવળી**નો જન્મ તા.૨૬/૦૧/૨૦૨૧નાં રોજ ભુતરૂણ ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મ ની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૯૫/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

વાદી:- કાંતીભાઈ જેહુભાઈ ખાંડવી, રહે. નાની કોસબાડી, વાકી ફ., તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગૃપ ગ્રામ પંચાયત મોટી કોસબાડી, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **કાંતીભાઈ જેહુભાઈ ખાંડવી** રહે. નાની કોસબાડી, વાકી ફ., તા.ધરમપુર જી.વલસાડના પુત્ર **ખાંડવી વિરલભાઈ કાંતીભાઈ**નો જન્મ તા.૨૬/૦૬/૨૦૦૮નાં રોજ નાની કોસબાડી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મ ની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

## જાહેર નોટીસ / સમન્સ

## નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૮૯/૨૦૨૬**

**અરજદાર : ડાહ્યાભાઈ ધાકલભાઈ પંઢેર**
**રહે.** રૂમલા, ચીરપાડા ફળિયા
તા.ખેરગામ જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પાણીખડક**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **ડાહ્યાભાઈ ધાકલભાઈ પંઢેર** રહે. રૂમલા, ચીરપાડા ફળિયા, તા.ખેરગામ જી.નવસારીએ તેમના પિતા **ધાકલભાઈ મંગુભાઈ પંઢેર**નું મરણ મોજે, પાણીખડક, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૧/૦૧/૧૯૯૦ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૧૪/૭/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(બી.એલ. માહલા)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

**જ.મ.પ.અ.નં.૧૬૮૧/૨૦૨૬**

**અરજદાર : સુમનભાઈ છીબાભાઈ પટેલ,**
**રહે.** વાંકડી ફળિયા, ડુંગરી, જેસપોર,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, જેસપોર, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુમનભાઈ છીબાભાઈ પટેલ,** રહે.વાંકડી ફળિયા, ડુંગરી, જેસપોર, તા.જી.વલસાડએ તેમના ફોઈ **સુમીત્રાબેન ભગવતીપ્રસાદ દેસાઈનું** મરણ તા.૦૪-૦૮-૧૯૮૯ના રોજ મોજે. જેસપોર, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૮૧/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૮૨/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

વાદી:- જનતાબેન સુરેશભાઈ ચૌધરી, રહે. પીપલપાડા, ઉલુ ફ., તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ ગૃપ પંચાયત, પીપલપાડા, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **જનતાબેન સુરેશભાઈ ચૌધરી** રહે. પીપલપાડા, ઉલુ ફ., તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **જીગીશાબેન સુરેશભાઈ ચૌધરી**નો જન્મ તા.૩૧/૦૫/૨૦૧૯નાં રોજ પીપલપાડા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૧૧૫/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

વાદી:- ડબકીયા પ્રવિણભાઈ પાંડુભાઈ, રહે. પૈખેડ, રૂળપાડા ફ., તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગૃપ ગ્રામ પંચાયત તુતરખેડ, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ડબકીયા પ્રવિણભાઈ પાંડુભાઈ**ના પિતા, **પાંડુભાઈ જાનુભાઈ ડબકીયા**નું અવસાન તા.૦૫/૧૦/૧૯૯૮નાં રોજ પૈખેડ ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૮૧/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

વાદી:- સાજેદાબાનુ મહેબુબ શેખ, રહે. મસ્જીદ ફ.,જામા મસ્જીદ ધરમપુર, તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને ચીફ ઓફીસરશ્રી ધરમપુર નગરપાલિકા, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **સાજેદાબાનુ મહેબુબ શેખ** રહે. મસ્જીદ ફ., જામા મસ્જીદ ધરમપુર, તા.ધરમપુર જી.વલસાડના ભાઈ **ઉઝેર મોહમ્મદઅલી શેખ**નો જન્મ તા.૧૦/૦૨/૧૯૮૬નાં રોજ ધરમપુર ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મ ની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

## જાહેર નોટીસ / સમન્સ

## નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૧૫૪/૨૦૨૬**

**અરજદાર : મુકેશભાઈ જેસિંગભાઈ પટેલ**
**રહે.** આછવણી, બંધાડ ફળિયા
તા.ખેરગામ જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, આછવણી**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **મુકેશભાઈ જેસિંગભાઈ પટેલ** રહે. આછવણી, બંધાડ ફળિયા, તા.ખેરગામ જી.નવસારીએ તેમના માતા **મણીબેન જેસિંગભાઈ પટેલ**નું મરણ મોજે, આછવણી, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૧૦/૧૦/૨૦૧૧ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૧૪/૭/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(બી.એલ. માહલા)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા**

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૯૩/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

વાદી:- પવાર માહદુભાઈ પાંડુભાઈ, રહે. મુળગામ, નાની કોસબાડી, તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ ગૃપ પંચાયત, કોસબાડી, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **પવાર માહદુભાઈ પાંડુભાઈ** રહે. મુળગામ, નાની કોસબાડી, તા.ધરમપુર જી.વલસાડના પુત્ર **જયેશભાઈ માહદુભાઈ પવાર**નો જન્મ તા.૦૯/૧૧/૨૦૦૮નાં રોજ નાની કોસબાડી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૧૨૩/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

વાદી:- ભસરા કલ્પેશભાઈ સતીષભાઈ, રહે. સોનદર, મોહપાડા ફ., તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગૃપ ગ્રામ પંચાયત સોનદર,**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ભસરા કલ્પેશભાઈ સતીષભાઈ**ના દાદી, **કાળીબેન કાકડભાઈ ભસરા**નું અવસાન તા.૦૫/૦૧/૨૦૧૭નાં રોજ સોનદર ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૮૪/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

વાદી:- ઝુલકભાઈ રાવજેભાઈ જમાદાર, રહે. મોટીકોરવળ,કાપુરનીયા, તા. ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત મોટકોરવળ, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ઝુલકભાઈ રાવજેભાઈ જમાદાર** રહે. મોટીકોરવળ, કાપુરનીયા, તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **દર્શનાબેન ઝુલકભાઈ જમાદાર**નો જન્મ તા.૧૦/૦૬/૨૦૦૯નાં રોજ મોટી કોરવળ ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મ ની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

**જ.મ.પ.અ.નં.૭૩/૨૦૨૬**

**અરજદાર : નરેશભાઈ ગમનભાઈ પટેલ**
**ઉ.આ.વ.૫૩, ધંધો-ખેતી, રહે.** મુ.પો. કચીગામ, ખનકી ફળિયું
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી કચીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નરેશભાઈ ગમનભાઈ પટેલ** રહે. મુ.પો. કચીગામ, ખનકી ફળિયું, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **સ્વ. માણકીબેન હરખાભાઈ પટેલનો** મરણ તા.૨૧-૦૧-૨૦૦૮ના રોજ મોજે - કચીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/ર.જી.નં.૭૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૮૬/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

**જાહેર નોટીસ**

વાદી:- પટેલ ઉષાબેન હરજીભાઈ તે ગુલાબભાઈની પત્ની, રહે. બામટી, તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ ગૃપ પંચાયત, બામટી, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **પટેલ ઉષાબેન હરજીભાઈ તે ગુલાબભાઈની પત્ની** રહે. બામટી, તા.ધરમપુર જી.વલસાડના પોતે **પટેલ ઉષાબેન હરજીભાઈ**નો જન્મ તા.૦૧/૦૮/૧૯૬૮નાં રોજ બામટી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

**IIFL FINANCE**
**CIN: L67100MH1995PLC093797**
**Regd. Office:** IIFL House, Sun Infotech Park, Road No. 16V, Plot No.B-23, Thane Industrial Area, Wagle Estate, Thane - 400604
Tel: (91-22) 41035000 • Fax: (91-22) 25806654
E-mail: reach@iifl.com • Website: www.iifl.com

## સોનાના દાગીનાની લિલામીની જાહેર સૂચના

અત્રે ચોક્કસ રીતે સર્વ સંબંધિત ઋણદાર(રો) અને સામાન્ય રીતે જનતાને માહિતગાર કરવામાં આવે છે કે અમે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ (''આઈઆઈએફએલ'') દ્વારા નોંધણીકૃત લિલામીની સૂચનાઓ થકી અને વારંવાર યાદગીરીઓ થકી માહિતગાર કરવા છતાં જેમણે પોતાની લોન નિયમિત કરી નથી કે બાકી રકમ ચૂકવી નથી તેવા કસૂર કરનારા ગ્રાહકોના સોનાના દાગીના લિલામ કરી રહી છે. નિમ્નલિખિત લોન અકાઉન્ટ્સમાં ગિરવે મૂકેલા સોનાના દાગીનાની જાહેર લિલામી નિમ્નલિખિત જિલ્લા કેન્દ્ર **દમણ- દમણ કુંતા રોડ - 14-182 / જી-1, જી-2, જી-3, કથિરિયા, દમણ કુંતા રોડ, આઈડીબીઆઈ બેન્ક નજીક, સાગર પેટ્રોલપંપ, નાની દમણ-396210.** ખાતે **18.08.2026** સવારે **10.00** વાગ્યાથી હાથ ધરાશે. સ્થળ અથવા તારીખ (જો કોઈ હોય તો)માં કોઈ પણ ફેરફાર લિલામી કેન્દ્ર ખાતે પ્રદર્શિત કરાશે. જો કોઈ પણ કારણસર લિલામી અહીં ઉલ્લેખિત તારીખના રોજ હાથ નહીં ધરી શકાય અથવા લિલામી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો આઈઆઈએફએલ તે જ નિયમો અને શરતો સાથે ત્યાર પછીની કોઈ પણ તારીખના રોજ કથિત લિલામી હાથ ધરવા અથવા આગળ વધવાનો અબાધિત અધિકાર ધરાવે છે. જો ગ્રાહક મૃત્યુ પામે તો લિલામી સંબંધી બધી શરતો નોમિની/કાનૂની વારસદારને લાગુ થશે.

**ગોલ્ડ લોન અકાઉન્ટ નં.:** GL33976231, GL33992775, GL34479344, GL34468648, GL39186709, GL34793334, GL35347821, GL35359148, GL35576578, GL35592763, GL37257084, GL35933769, GL35957031, GL36485810, GL40913137, GL36728732, GL36922161, GL36966452, GL37538099, GL37589092, GL39337072, GL38024392, GL38142243, GL38237608, GL38283820, GL39819407, GL39784711, GL39899078, GL40163907, GL40287140, GL40484954, GL40520832.

લિલામી 'જેમ છે જ્યાં છે,' 'જે છે તે' અને 'ત્યાં જે છે તે' ધોરણે હાથ ધરાશે અને આઈઆઈએફએલ કથિત સોનાના દાગીનાની ગુણવત્તા, શુદ્ધતા, કેરેટેજ, વજન અથવા મૂલ્યાંકન વિશે કોઈ આલેખન કે બાંયધરી આપતી નથી. આઈઆઈએફએલ, તેની એકમેવ મરજીથી લિલામીની યાદીમાંથી કોઈ પણ બાબત અને કોઈ પણ કાર્યવાહી, પૂર્વસૂચના આપ્યા વિના અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના મોકૂફ અથવા દૂર કરી શકે અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના કોઈ પણ અથવા સર્વ બિડ્સ અથવા ઓફરો નકારી શકે છે. કસૂર કરનારા ઋણદાર(રો), ગિરવે મૂકેલા દાગીનાની વિગતો તેમ જ અન્ય વિગતો સંબંધિત શાખા ખાતે પ્રદર્શિત કરાઈ છે. ડિફોલ્ટર ઋણદાર(રો) પાસે આ સૂચનાની પ્રસિદ્ધિ પછી પણ તે તારીખ સુધી વ્યાજ અને સર્વ લાગુ શુલ્ક સહિત સંપૂર્ણ લેણાં પુનઃચુકવણી કરવાનો અને તેમનું લોન અકાઉન્ટ બંધ અથવા નિયમસર કરવાનો વિકલ્પ છે, પરંતુ કોઈ પણ કિસ્સામાં લિલામીની તારીખ સુધી જ આ વિકલ્પ અજમાવી શકશે, જેમાં નિષ્ફળ જવા પર ગિરવે મૂકેલા સોનાના દાગીના લિલામી કરવામાં આવશે અને બાકી લેણાં (જો કોઈ હોય તો) વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરાશે. જોકે કસૂર કરેલી લોન આ પ્રસિદ્ધિની તારીખના રોજ અથવા પછી બંધ કે નિયમિત કરાય તો પ્રમાણસર પ્રકાશન શુલ્ક ભોગવવાનો રહેશે. ઋણદારને જો કોઈ હોય તો, વધારાની લિલામીની પ્રાપ્તિઓના રિફંડ માટે તેમની છેલ્લામાં છેલ્લી બેન્ક અકાઉન્ટની વિગતો સુપરત /અપડેટ કરવાની વિનંતી છે.

**વિગતવાર માહિતી, નિયમો અને શરતો માટે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડના સંબંધિત શાખા કાર્યાલયનો સંપર્ક કરો.**

**તારીખ: 17.07.2026**
**સ્થળ: દમણ**

**સહી/-**
**અધિકૃત સહીકર્તા**
**આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ**

**IIFL FINANCE**
**CIN: L67100MH1995PLC093797**
**Regd. Office:** IIFL House, Sun Infotech Park, Road No. 16V, Plot No.B-23, Thane Industrial Area, Wagle Estate, Thane - 400604
Tel: (91-22) 41035000 • Fax: (91-22) 25806654
E-mail: reach@iifl.com • Website: www.iifl.com

## સોનાના દાગીનાની લિલામીની જાહેર સૂચના

અત્રે ચોક્કસ રીતે સર્વ સંબંધિત ઋણદાર(રો) અને સામાન્ય રીતે જનતાને માહિતગાર કરવામાં આવે છે કે અમે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ (''આઈઆઈએફએલ'') દ્વારા નોંધણીકૃત લિલામીની સૂચનાઓ થકી અને વારંવાર યાદગીરીઓ થકી માહિતગાર કરવા છતાં જેમણે પોતાની લોન નિયમિત કરી નથી કે બાકી રકમ ચૂકવી નથી તેવા કસૂર કરનારા ગ્રાહકોના સોનાના દાગીના લિલામ કરી રહી છે. નિમ્નલિખિત લોન અકાઉન્ટ્સમાં ગિરવે મૂકેલા સોનાના દાગીનાની જાહેર લિલામી નિમ્નલિખિત જિલ્લા કેન્દ્ર **સિલ્વાસા- વાપી મેઈન રોડ - શોપ નં. 3, 1 લો માળ, સિટી સેન્ટર, યુનિયન બેન્કની સામે, સિલ્વાસા વાપી મેઈન રોડ, સિલ્વાસા-396230.** ખાતે **18.08.2026** સવારે **10.00** વાગ્યાથી હાથ ધરાશે. સ્થળ અથવા તારીખ (જો કોઈ હોય તો)માં કોઈ પણ ફેરફાર લિલામી કેન્દ્ર ખાતે પ્રદર્શિત કરાશે. જો કોઈ પણ કારણસર લિલામી અહીં ઉલ્લેખિત તારીખના રોજ હાથ નહીં ધરી શકાય અથવા લિલામી તે જ દિવસે પૂર્ણ નહીં થાય તો આઈઆઈએફએલ તે જ નિયમો અને શરતો સાથે ત્યાર પછીની કોઈ પણ તારીખના રોજ કથિત લિલામી હાથ ધરવા અથવા આગળ વધવાનો અબાધિત અધિકાર ધરાવે છે. જો ગ્રાહક મૃત્યુ પામે તો લિલામી સંબંધી બધી શરતો નોમિની/કાનૂની વારસદારને લાગુ થશે.

**ગોલ્ડ લોન અકાઉન્ટ નં.:** GL33204521, GL33210408, GL34184095, GL34212928, GL34195910, GL35412762, GL35402083, GL35670264, GL35903064, GL36203958, GL41047946, GL36993359, GL37216035, GL38743080, GL37521915, GL37644210, GL37665371, GL37932399, GL38048626, GL38301076, GL39671096, GL39613906, GL39607072, GL40646033, GL40043613, GL40101130, GL40389082, GL35529301, GL35506330, GL35501576, GL36642180, GL37025408, GL37989520, GL37771827, GL49096737, GL40411344, GL40412204.

લિલામી 'જેમ છે જ્યાં છે,' 'જે છે તે' અને 'ત્યાં જે છે તે' ધોરણે હાથ ધરાશે અને આઈઆઈએફએલ કથિત સોનાના દાગીનાની ગુણવત્તા, શુદ્ધતા, કેરેટેજ, વજન અથવા મૂલ્યાંકન વિશે કોઈ આલેખન કે બાંયધરી આપતી નથી. આઈઆઈએફએલ, તેની એકમેવ મરજીથી લિલામીની યાદીમાંથી કોઈ પણ બાબત અને કોઈ પણ કાર્યવાહી, પૂર્વસૂચના આપ્યા વિના અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના મોકૂફ અથવા દૂર કરી શકે અને તે માટે કોઈ પણ કારણ આપ્યા વિના કોઈ પણ અથવા સર્વ બિડ્સ અથવા ઓફરો નકારી શકે છે. કસૂર કરનારા ઋણદાર(રો), ગિરવે મૂકેલા દાગીનાની વિગતો તેમ જ અન્ય વિગતો સંબંધિત શાખા ખાતે પ્રદર્શિત કરાઈ છે. ડિફોલ્ટર ઋણદાર(રો) પાસે આ સૂચનાની પ્રસિદ્ધિ પછી પણ તે તારીખ સુધી વ્યાજ અને સર્વ લાગુ શુલ્ક સહિત સંપૂર્ણ લેણાં પુનઃચુકવણી કરવાનો અને તેમનું લોન અકાઉન્ટ બંધ અથવા નિયમસર કરવાનો વિકલ્પ છે, પરંતુ કોઈ પણ કિસ્સામાં લિલામીની તારીખ સુધી જ આ વિકલ્પ અજમાવી શકશે, જેમાં નિષ્ફળ જવા પર ગિરવે મૂકેલા સોનાના દાગીના લિલામી કરવામાં આવશે અને બાકી લેણાં (જો કોઈ હોય તો) વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરાશે. જોકે કસૂર કરેલી લોન આ પ્રસિદ્ધિની તારીખના રોજ અથવા પછી બંધ કે નિયમિત કરાય તો પ્રમાણસર પ્રકાશન શુલ્ક ભોગવવાનો રહેશે. ઋણદારને જો કોઈ હોય તો, વધારાની લિલામીની પ્રાપ્તિઓના રિફંડ માટે તેમની છેલ્લામાં છેલ્લી બેન્ક અકાઉન્ટની વિગતો સુપરત /અપડેટ કરવાની વિનંતી છે.

**વિગતવાર માહિતી, નિયમો અને શરતો માટે આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડના સંબંધિત શાખા કાર્યાલયનો સંપર્ક કરો.**

**તારીખ: 17.07.2026**
**સ્થળ: દાદરા નગર હવેલી**

**સહી/-**
**અધિકૃત સહીકર્તા**
**આઈઆઈએફએલ ફાઈનાન્સ લિમિટેડ**

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસિપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ.સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
Raymond, dinesh, Siyaram's, DONEAR, DIGJAM, NIRVAN, ICON, Kripton
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई



TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

## ધરમપુર ચોકડી પાસેથી દારૂ સાથે ૧ ઝડપાયો

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ સીટી પોલીસે બાતમીના આધારે ધરમપુર ચોકડી ઓવરબ્રીજ પાસે વોચ ગોઠવીને ઉભા રહેતા બાતમી વાળી ઈનોવા કાર નંબર GJ-15-CD-5904 ને અટકાવી તેની અંદર તપાસ કરતા કારની ડીકી અને પાછળની સીટ માં થી દારૂની બાટલી નંગ ૧૪૫૨ કિંમત રૂપિયા ૪,૦૩,૩૪૪ નો દારૂ ઝડપી પાડ્યો હતો.

પોલીસે કાર ચાલકે પોલીસ અને ટેક્સ બચાવવા માટે ડુપ્લીકેટ નંબર પ્લેટ લગાવવામાં આવી હતી, જ્યારે કારનો અસલી નંબર MH-04-DJ-6270 મળી આવ્યો હતો. પોલીસે કાર ચાલક અસફાક કમરુદીન કુરેશી ઉંમર વર્ષ ૨૬, રહે. કુરલા, મુંબઈ, મૂળ રહે. ઉત્તર પ્રદેશની ધરપકડ કરી છે.

Friday 17, July 2026

# દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

## ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં ‘આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ’ ઉજવાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) દ્વારા તા. ૨૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧ કલાકે આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ - ૨૦૨૬ ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ, યુવાનો તેમજ સામાન્ય નાગરિકોમાં ચંદ્ર, અવકાશ વિજ્ઞાન અને અંતરિક્ષ સંશોધન પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમ, જિજ્ઞાસા અને રસને પ્રોત્સાહિત કરવાનો છે. આ પ્રસંગે ચંદ્રને કેન્દ્રમાં રાખીને વિવિધ વૈજ્ઞાનિક અને રસપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન 3D પ્રિન્ટિંગ ટેકનોલોજી દ્વારા ચંદ્રનું 3D મોડેલ તૈયાર કરવાની જીવંત રજૂઆત, વોટર રોકેટનું પ્રયોગાત્મક નિદર્શન તેમજ ચંદ્ર વિષયક માહિતીપ્રદ ડોક્યુમેન્ટરી ફિલ્મનું પ્રદર્શન કરવામાં આવશે. આ પ્રવૃત્તિઓ દ્વારા અવકાશ વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતોને સરળ, રસપ્રદ અને પ્રયોગાત્મક રીતે સમજાવવામાં આવશે. આ ઉપરાંત ઉપસ્થિતો માટે ચંદ્ર વિષયક ઓપન હાઉસ ક્વિઝનું આયોજન કરવામાં આવશે, જેમાં સહભાગીઓને ચંદ્ર, અવકાશ અભિયાનો તથા ખગોળવિજ્ઞાન સંબંધિત રસપ્રદ માહિતી સાથે પોતાની જાણકારીને ચકાસવાની તક મળશે. કાર્યક્રમ દરમિયાન ભારતનું ચંદ્ર મિશન સ્વપ્નથી સિદ્ધિ સુધી વિષય પર લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવશે. આ વ્યાખ્યાનમાં ભારતના ચંદ્રયાન અભિયાનો, ચંદ્રનું વૈજ્ઞાનિક મહત્વ, ચંદ્ર પર થયેલા સંશોધનો તેમજ ભાવિ અવકાશ મિશનો અંગે સરળ, રસપ્રદ અને માહિતીસભર રજૂઆત કરવામાં આવશે.

અનુકૂળ હવામાનની સ્થિતિને આધિન આકાશદર્શન (Sky Observation Programme) નું આયોજન કરવામાં આવશે. આ દરમિયાન ઉપસ્થિતોને ટેલિસ્કોપ દ્વારા ચંદ્ર તથા શુક્રનું નિરીક્ષણ કરવાની અનોખી તક પ્રાપ્ત થશે. જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વિજ્ઞાનપ્રેમીઓ, અવકાશ રસિકો તેમજ સામાન્ય નાગરિકોને આ કાર્યક્રમમાં ઉત્સાહભેર સહભાગી બનવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે. સૌએ પરિવાર અને મિત્રો સાથે ઉપસ્થિત રહી ચંદ્ર અને અવકાશ વિજ્ઞાનની અદ્ભુત દુનિયાનો અનુભવ કરી આ અનોખા વૈજ્ઞાનિક કાર્યક્રમનો લાભ લેવા જણાવાયું છે.

**તમિલનાડુની કોલેજમાં રૂા. ૫૦ લાખ ચોરી કરનાર**

## સોળસુંબામાંથી ચોરીનો આરોપી ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** તમિલનાડુ રાજ્યના કોઈમ્બતુર જિલ્લાના કિનથકડાવુ પોલીસ સ્ટેશન વિસ્તારની એક એન્જિનિયરિંગ કોલેજમાં ઓગણ પચાસ લાખની ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ વોન્ટેડ આરોપીને ઉમરગામ પોલીસે ઝડપી પાડ્યો છે. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ઉમરગામ પોલીસ નાસતા-ફરતા આરોપીઓને ઝડપવા કાર્યવાહી કરી રહી હતી. દરમિયાન તમિલનાડુના કિનથકડાવુ પો.સ્ટે.ના સબ ઈન્સ્પેક્ટર કે.સનથાના કરુપ્પુ પાસેથી મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી.

કિનથકડાવુ પોલીસ સ્ટેશનમાં ૫૦ લાખની ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી રાજ મનોહર પવાર ઉ.વ.૨૨ રહે. સોળસુંબા, ભુતિયા ફળીયા, તા.ઉમરગામને ઉમરગામ પોલીસે પકડી પાડ્યો.

ઉમરગામ પોલીસ અને તમિલનાડુ પોલીસની સંયુક્ત કામગીરીથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપી સામે ઉમરગામ પો.સ્ટે.માં અગાઉ પણ ગુના નોંધાયેલા છે. આ કામગીરીમાં PI એચ.ડી.તુવર, PSI એન.સી.સગર સહિતની ટીમ જોડાયેલી હતી.



## વાપીમાં ભવ્ય રથયાત્રા : 3 હજારથી વધુ વાનગીનો અન્નકૂટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, ત. ૧૬ :** વાપી સૌરાષ્ટ્ર પટેલ સમાજ વાડી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજના પાવન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ વાડી ખાતે ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની ભવ્ય ઝાંખી સજાવવામાં આવી હતી.

મંદિર પરિસર ભજન-કીર્તનથી ગુંજી ઉઠ્યો હતો. ભક્તોએ ભગવાનને ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવ્યો હતો. ભક્તોનો ઉત્સાહ એટલો હતો કે પોતાના ઘરેથી બનાવી લાવેલી અલગ-અલગ પ્રકારની ૩ હજારથી વધુ વાનગીઓ ભગવાનને ધરાવવામાં આવી હતી. ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. બપોરે મહાઆરતી બાદ સાંજે ૩:૩૦ કલાકે વાજતે-ગાજતે ભવ્ય રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો. ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાજીનો રથ સૌરાષ્ટ્ર પટેલ વાડીથી નીકળી કોપરલી ઈસ્કોન મંદિર સુધી પહોંચ્યો હતો. રથયાત્રામાં હજારો ભક્તો જય જગન્નાથના નારા સાથે જોડાયા હતા. સમગ્ર માર્ગ ભક્તિમય બન્યો હતો.

કાર્યક્રમનું આયોજન અને સંચાલન કોપરલી ઈસ્કોન મંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના હોદ્દેદારો અને સ્વયંસેવકોએ સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. ભક્તોએ આ ભવ્ય ઉજવણીને સફળ બનાવી હતી.

## બીલીમોરામાં યુવકે સોશ્યલ મીડિયામાં વીડિયો વાયરલ કરી જીવન ટુંકાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૬ :** બીલીમોરા ગૌહરબાગમાં રહેતા ચિરાગ દિલીપભાઈ મિસ્ત્રી (૨૮) એ ગુરુવાર ભર બપોરે સોશિયલ મીડિયા માં વિડીયો વાયરલ કરી લીમડા ચોકમાં પોતાના જુના ઘરે ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી હતી. પોલીસે મેંગુશી હોસ્પિટલમાં પેનલ ડોક્ટરો દ્વારા પોસ્ટમોર્ટમ કરાવી તપાસ હાથ ધરી છે.બીલીમોરા ગૌહરબાગ મહર્ષિ કોમ્પલેક્ષ માં રહેતા અને વાયરમેન નું કામ કરતા ચિરાગ દીલીપ ભાઈ મિસ્ત્રી (૨૮) એ ગુરુવાર બપોરે સોશ્યલ મીડિયા નાં વોટ્સએપ ગ્રુપ માં એક વીડિયો વાયરલ કર્યો હતો.



બીજી તરફ વોટ્સએપ ગ્રુપ માં ૯ મિનિટ નાં વીડિયો બાદ મિત્રો, સ્વજનો એ શોધખોળ શરૂ કરી હતી. તો લીમડા ચોક સ્થિત તેના જુના ઘરે પ્રથમ માળે નાયલોનની દોરી વડે ગળે ફાસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. જે અંગે પોલીસને જાણ કરાઈ હતી. પોલીસ ને ઘટનાસ્થળે થી ઝેરી દવાની ખાલી બોટલ પણ મળી આવી હતી. પોલીસે મેંગુશી હોસ્પિટલમાં પેનલ ડોક્ટરની ટીમ પાસે પોસ્ટમોર્ટમ કરાવી તપાસ હાથ ધરી છે.

મહિલા પીએસઆઇ કારેણા તપાસ કરી રહી છે. ચિરાગ મિસ્ત્રી એ મોત અગાઉ દુઃખી સ્વરે વિગતવાર વીડિયો બનાવી સોશ્યલ ગ્રુપ માં મુક્યો હતો. જેમાં તેમણે પાંચેક લોકો સામે આંગળી ચીંધી હતી. હાલ પોલીસે વીડિયો આધારે તપાસ હાથ ધરી છે. જેમાં તથ્યો ની ચકાસણી બાદ મૃત્યુ ની દૂષપ્રેરણાનો ગુનો નોંધાવા ની સંભાવના જોવાઇ રહી છે.

## વાપી ટાઉનનો છેતરપિંડીનો વોન્ટેડ સુરતથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે વાપી ટાઉન પોલીસ સ્ટેશનના વિશ્વાસઘાત અને છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા એક વોન્ટેડ આરોપીને સુરતથી ઝડપી પાડ્યો છે. વલસાડ જિલ્લા LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે વાપી ટાઉન પોલીસ મથકે નોંધાયેલા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એમેન્ડમેન્ટ એક્ટ ગુનામાં નાસતા ફરતા આરોપી ધવલ શાંતીભાઈ અણધાણ ઉ.વ. ૨૨ને સુરત શહેરથી પકડી પાડવામાં આવ્યો. આરોપી મૂળ રહે. ગામ-ઉછડી, તા.તળાજા, જી.ભાવનગરનો છે અને હાલ સુરતના વેલંજા, ઉત્રાણ પોલીસની હદમાં રહેતો હતો. LCBની ટીમે આરોપીની કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે તેને વાપી ટાઉન પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે.

## સેલવાસમાં બે સ્થળેથી ભવ્ય રથયાત્રાઓ યોજાઈ

**સાંસદ કલાબેન ડેલકરે પણ હાજરી આપી : મુખ્ય માર્ગો પર આસ્થાનો મહાસાગર**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૬ :** ભગવાન જગન્નાથની વાર્ષિક રથયાત્રાના પાવન અવસરે ગુરુવારે સેલવાસા શહેર ભક્તિમય વાતાવરણમાં રંગાઈ ગયું હતું. શહેરના બે અલગ-અલગ સ્થળોથી ભગવાન જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રાની ભવ્ય રથયાત્રાઓ નીકળતાં હજારો શ્રદ્ધાળુઓ દર્શન અને રથ ખેંચવા માટે ઉમટી પડ્યા હતા. સવારે શરૂ થયેલી ધાર્મિક ઉજવણી સાંજ સુધી યથાવત રહી અને શહેરના મુખ્ય માર્ગો પર શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. રથયાત્રા દરમિયાન સાંસદ કલાબેન મોહનભાઈ ડેલકર તથા યુવા નેતા અભિનવ ડેલકર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે શ્રદ્ધાળુઓને શુભેચ્છા પાઠવી હતી.

બાવીસા ફળિયા સ્થિત જલારામ મંદિરથી જગન્નાથ સેવા સમિતિ દ્વારા -થમ રથયાત્રા કાઢવામાં આવી હતી, જ્યારે બીજી રથયાત્રા બાલદેવી જગન્નાથ કલ્ચરલ સમિતિ દ્વારા યોજાઈ હતી. બંને સ્થળોએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ભગવાનની પૂજા-અર્ચના અને મહાઆરતી બાદ મહાનુભાવોના હસ્તે રથયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

સુશોભિત રથોમાં બિરાજમાન ભગવાન જગન્નાથ, બળભદ્ર અને સુભદ્રાના દર્શન કરવા માર્ગના બંને બાજુ શ્રદ્ધાળુઓની લાંબી કતારો લાગી હતી. મોટી સંખ્યામાં ભક્તોએ શ્રદ્ધાપૂર્વક રથ ખેંચ્યો હતો. સમગ્ર માર્ગ દરમિયાન ભજન-કીર્તન અને જય જગન્નાથના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

બાલદેવીથી નીકળેલી રથયાત્રા બાવીસા ફળિયા, કિલવણી નાકા, ઝંડા ચોક, આમલી ગાયત્રી મંદિર સહિત શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ નરોલી રોડ સ્થિત ગુલમોહર હોલ ખાતે પહોંચી હતી, જ્યાં સાંજે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજી રથયાત્રા રામદેવ મંદિર હોલ ખાતે પહોંચી હતી, જ્યાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભગવાન જગન્નાથ, બળભદ્ર અને સુભદ્રાની મૂર્તિઓને વિધિવત રીતે બાલદેવી મંદિરમાં પરત સ્થાપિત કરવામાં આવી હતી.

રથયાત્રા દરમિયાન કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયો હતો. દિવસ દરમિયાન વરસાદ ન હોવાથી શ્રદ્ધાળુઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારે લઈને સાંજ સુધી શહેરના મુખ્ય માર્ગો ભક્તોથી છલકાતા રહ્યા અને આ વર્ષની રથયાત્રા સેલવાસાના સૌથી ભવ્ય ધાર્મિક કાર્યક્રમોમાંની એક બની રહી.


## ગણદેવી ભાટમાં શ્રમજીવીના શંકાસ્પદ મોતનો ભેદ ઉકેલાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૬ :** ગણદેવીના ભાટ ગામે કામ કરતા ઝારખંડના એક યુવાન શ્રમજીવીનો બુધવારે ભેદી હાલતમાં મૃતદેહ મળવાની ઘટનામાં ચોંકાવનારો વળાંક આવ્યો છે. ધોલાઈ મરીન પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હત્યાના ગુનામાં સંડોવાયેલા ઓરિસ્સાના બે સાથી શ્રમજીવીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. ગણદેવી ભાટ ગામે રહેતા કૌશાંક ઈશ્વરભાઈ ટંડેલ (૩૭) ના ઝીંગા ઉછેરના તળાવ પર ઝારખંડનો વતની નિમંત જેમ્સ તીર્કી (૨૪) મજૂરી કામ કરતો હતો. બુધવારે મધ્યરાત્રિએ આશરે ૨:૦૦ વાગ્યે તળાવના સુપરવાઈઝર ધર્મેન્દ્રકુમારે તળાવ માલિક કૌશાંક ટંડેલને ફોન પર જાણ કરી હતી કે નિમંત તળાવના આઉટલેટ ગરનાળાના પાણીમાં પડી ગયો છે. નિમંતને પાણીમાંથી બહાર કાઢી તાત્કાલિક ખાનગી વાહનમાં બીલીમોરાની મેંગુશી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ધોલાઈ મરીન પોલીસે શરૂઆતમાં આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મૃતકના શરીર પર ઉઝરડાના નિશાન હોવાથી પોલીસે પેનલ ડોક્ટરોની ટીમ પાસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. પીએમ રિપોર્ટમાં બહાર આવ્યું હતું કે મૃતક નિમંતના માથાના ડાબી બાજુએ ગંભીર આંતરિક ઈજાઓ થવાના કારણે તેનું મોત નીપજ્યું હતું. આ શંકાસ્પદ ઈજાઓ મામલે પોલીસે ત્યાં કામ કરતા અન્ય મજૂરોની પૂછપરછમાં મૃતક નિમંત તીર્કી અને આરોપીઓ વચ્ચે છેલ્લા ચાર દિવસથી જમવા બાબતે ઝગડો ચાલતો હતો. મંગળવાર રાત્રે ૧૧:૩૦ વાગ્યે જમવા બાબતે ફરી ઝગડો ઉગ્ર બનતા આરોપી માનજાનજાન ઉર્ફે કિશોર ઈનેમ બુરહે નિમંતના માથામાં લાકડાનો ફટકો મારી દીધો હતો, જ્યારે બીજા આરોપી બૈસાખુ ફાગુ બાડાઈકે તેને ઢીકમુક્કીનો માર માર્યો હતો. જેને કારણે નિમંત બેભાન થઈ જતાં બંને આરોપીઓએ તેને રૂમની બહાર ઢસડીને નજીકના ગરનાળાના પાણીમાં ફેંકી દીધો હતો જેથી આ ઘટના અકસ્માત જેવી લાગે. ત્યારબાદ આરોપી કિશોરે સુપરવાઈઝર પાસે જઈ ખોટું નાટક કર્યું હતું કે નિમંત શૌચક્રિયા કરવા જતાં પાણીમાં પડી ગયો છે.

પોલીસે આરોપી માનજાનજાન ઉર્ફે કિશોર ઈનેમ બુરહ (ઉં.વ. ૩૭), રહે. લોહરામ, થાના બીસરા, જી. સુંદરગઢ, ઓરીસ્સા અને બૈસાખુ ફાગુ બાડાઈક (ઉં.વ. ૬૫), રહે. પનીયાસાલ, થાના બીસરા, જી. સુંદરગઢ, ઓરીસ્સા ની ધરપકડ કરી હતી. ધોલાઈ મરીનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ઝેડ. પટેલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.



પારડીમાં આજરોજ દમણીઝાંપા હાઈવે સ્થિત આવેલ ગજાનન કોમ્પ્લેક્સ ખાતે શ્રી જગન્નાથ મંદિરથી શ્રી જગન્નાથ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ભવ્ય રથયાત્રા મહોત્સવ ભારે હર્ષોલ્લાસ અને ભક્તિસભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. પૂજા વિધિ પૂર્ણ થયા બાદ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વચ્ચે શ્રીફળ વધેરીને પવિત્ર કોડી રથને નગર ભ્રમણ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ભક્તો સહિત ભાજપના અગ્રણીઓ રથયાત્રામાં જોડાઈ રસ્સી ખેંચી ધન્યતા અનુભવી હતી. સમગ્ર યાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## હાલરના રહીશો ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાથી ત્રસ્ત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૬ :** વલસાડ નગરપાલિકાના વોર્ડ નં. ૯ હેઠળ આવતા હાલર વિસ્તારમાં ચોમાસા દરમિયાન થતા ભારે જળભરાવ અને વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે સ્થાનિક રહીશો લાંબા સમયથી મોટી હાલાકી ભોગવી રહ્યા છે. આ ગંભીર સમસ્યા અંગે વોર્ડ નં. ૯ ના ચૂંટાયેલા સભ્યો માં નિતેશ વશી, ભરત ઉર્ફે કાનો પટેલ અલકાબેન દેસાઈ તથા અન્ય એક સભ્ય દ્વારા વલસાડ જિલ્લા કલેક્ટરને એક જાહેર હિતની અરજી સુપ્રત કરી તાત્કાલિક યોગ્ય નિકાલ લાવવા મજબૂત માંગ કરવામાં આવી છે. વલસાડ શહેરના હાલર વિસ્તારમાં આવેલી મિશન કોલોની, નવજીવન પાર્ક, મહાદેવ નગર સહિતની વિવિધ સોસાયટીઓમાં તેમજ સી.બી. સ્કૂલની પાછળના વિસ્તારોમાં ચોમાસા દરમિયાન દર વર્ષે પૂર જેવી સ્થિતિ સર્જાય છે. આ વિસ્તારોનું વરસાદી પાણી તેમજ રેલવે પાર્ક વિસ્તારનું પાણી ભેગું થઈને આગળ નિકાલ ન થવાને કારણે મહાદેવ નગર, માધવ પાર્ક અને BSNL એક્સચેન્જની આસપાસના વિસ્તારોમાં ભરાઈ રહે છે. સ્થાનિક પ્રતિનિધિઓએ અરજીમાં જણાવ્યું છે કે છેલ્લા ૩ થી ૪ વર્ષથી આ વિકટ સમસ્યા પ્રવર્તી રહી છે. ચોમાસા દરમિયાન સામાન્ય રીતે ૩ થી ૪ દિવસ સુધી વિસ્તારોમાં પાણી ભરાયેલા રહે છે. વધુમાં ચિંતાજનક બાબત એ છે કે, કિનારા કોલોની વિસ્તારમાં રેલવે કોલોનીના ગટરના પાણી પણ આ વરસાદી પાણી સાથે ભળી જતાં સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાય છે અને મચ્છરોનો ઉપદ્રવ વધતાં સ્થાનિકોના આરોગ્ય સામે મોટો ખતરો ઊભો થયો છે.

રજૂઆતમાં સ્થાનિકો દ્વારા આ સમસ્યાના કાયમી ઉકેલ માટે બે મહત્વના ટેકનિકલ સૂચનો કરવામા આવ્યા કે હાલમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા RPF ટ્રેનિંગ સેન્ટરથી લિલર તરફ વરસાદી પાણીના નિકાલ માટે પાઈપ લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. આ પાઈપ લાઈનને વધુ લંબાવીને મહાદેવ નગર અને ટીવી રિલે સેન્ટર તરફ વાળવામાં આવે તો આ વિસ્તારોમાં પાણી ભરાવવાની ગંભીર સમસ્યા અટકી શકે તેમ છે. આ વિસ્તારોનું વરસાદી પાણી અલીપોકડી ગામ પંચાયત વિસ્તારમાંથી પસાર થતી વાંકી નદીમાં વહાવી શકાય તેમ છે. તેથી જો માર્ગ અને મકાન વિભાગ દ્વારા વાંકી નદી સુધી આ પાઈપલાઈન લંબાવી તેની પ્રોપર સફાઈ કરાવવામાં આવે, તો વરસાદી પાણીનો કાયમી નિકાલ થઈ શકે છે. સ્થાનિક રહીશો અને જનપ્રતિનિધિઓએ વહીવટી તંત્ર અને કલેક્ટર ને આ બાબતે અંગત રસ લઈ ચોમાસાની આ સિઝનમાં લોકોને પડતી હાલાકીમાંથી વહેલી તકે મુક્તિ અપાવવા માંગ કરી છે.

## વાપી રેલ્વે સ્ટેશને બેભાન અવસ્થામાં મળેલા બે ના સારવાર દરમ્યાન મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૬ :** વાપી રેલવે પોલીસ સ્ટેશન દ્વારા બે બિનવારસી મૃતદેહ મળી આવ્યા છે જેની ઓળખ થઈ નથી. પ્રથમ બનાવમાં તા. ૦૮/૦૭/૨૦૨૫ના રોજ વાપી રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં.૧ પર બાંદ્રા-બિકાનેર એક્સપ્રેસ ટ્રેનના કોચ ૯/૫ માંથી એક અજાણી મહિલા બેભાન હાલતમાં મળી આવી હતી. ઉ.વ. ૪૮ આશરાની આ મહિલાને ૧૦૮ મારફતે વલસાડ સિવિલ અને ત્યાંથી સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

જ્યાં તા. ૦૮/૦૭/૨૦૨૫ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે તેનું મોત થયું હતું. મહિલાના જમણા હાથ પર "J Love"નું ટેટુ છે અને ગુલાબી અને કથ્થઈ કલરની નાઈટી પહેરી છે. બીજા બનાવમાં તા. ૧૪/૦૭/૨૦૨૫ના રોજ ભીલાડ રેલવે સ્ટેશન નજીક કિ.મી. ૧૬૨/૧૦૧૪ પાસે ઉ.વ. ૪૦ થી ૪૫નો એક અજાણ્યો પુરુષ ઘાયલ હાલતમાં મળ્યો હતો. તેને પણ સુરત સિવિલ ખાતે સારવાર દરમિયાન તા. ૧૫/૦૭/૨૦૨૫ના રોજ મોત થયું હતું. તેણે આછા પીળા રંગનું શર્ટ અને કથ્થઈ પેન્ટ પહેર્યું હતું.

જો કોઈને આ બંને લાશ અંગે માહિતી હોય તો વાપી રેલવે પોલીસનો સંપર્ક કરવા અપીલ કરાઈ છે.

**જાહેરાત**

**ટ્રસ્ટની માલિકીની મિલકત ૯૯ વર્ષ ભાડે આપવા માટે ઓફરો મંગાવતી જાહેરાત**

**ટ્રસ્ટનું નામ : શ્રી ધરમપુર રાજપુત પંચ**

નોં.નં. એ/૪૧૯/વલસાડ

આથી ધરમપુરના જાહેર જનતાને જણાવવાનું કે, ઉપરોક્ત ટ્રસ્ટની માલિકીની મીલકત ધરમપુર-વલસાડ જતા મુખ્ય રોડ પર અશોકા હોટલની સામે આવેલ મિલકતમાં ભોયતળિયે ટ્રસ્ટ ધ્વારા ૨૯.૭૦ ચો.મી. ક્ષેત્રફળવાળી ૧૮ દુકાનોનું નિર્માણ કરવામાં આવેલ છે. દરેક દુકાનની ૪૦ લાખ રૂપિયા નોન-રીફંડેબલ ડિપોઝિટ તથા રસ ધરાવતા વ્યકિતઓએ લેખિતમાં ટ્રસ્ટને પોતાની ઓફર આપવી અને તેની સાથે રૂપિયા ૧૦,૦૦૦ નો ટ્રસ્ટના નામનો ડ્રાફ્ટ/ ચેક/ રોકડા આપવાના રહેશે. તમામ ઓફરરો ટ્રસ્ટી મંડળની હાજરીમાં ખોલવામાં આવશે અને ત્યારબાદ જે-તે ઓફરને જાણ કરવામાં આવશે.

ઉપરોક્ત ઓફરો અંગે ટ્રસ્ટી મંડળના નિર્ણય બાદ સંયુક્ત ચેરિટી કમિશનરશ્રી સુરતની કચેરીમાં તમામ પ્રકરણ રજૂ કરવામાં આવશે અને તેઓની મંજૂરી થી રજિસ્ટર્ડ ભાડા કરાર કરી આપવામાં આવશે. મંજુરી મળ્યા થી નોન-રીફંડેબલ ડિપોઝીટ ચુકવવાની રહેશે.

**તમામ ઓફરરોએ તેઓની ઓફર સાથે તા. ૨૫/૦૭/૨૦૨૬ ને શનિવારના રોજ ૯-૩૦ કલાકે ઠે. ધરમપુર વલસાડ રોડ, અશોકા હોટેલની સામે, ધરમપુર ખાતે હાજર રહેવું.**

| સંપર્ક | ટ્રસ્ટી/સેક્રેટરીશ્રી | |
|---|---|---|
| (૧) દશરથસિંહ એમ. ચાવડા ટ્રસ્ટીશ્રી<br>મો. ૯૮૨૫૬-૬૪૪૫૨<br>(૨) નરેન્દ્રસિંહ ટી. પરમાર ટ્રસ્ટીશ્રી<br>મો. ૯૯૭૮૨-૦૭૭૭૩ | શ્રી ધરમપુર રાજપુત પંચ<br>ધીરજસિંહ બી. રાઠોડ<br>મો. ૯૯૦૯૪-૪૩૧૮૫<br>નોં.નં. એ/૪૧૯/વલસાડ | સહી/- મંત્રી<br>શ્રી ધરમપુર રાજપૂત પંચ<br>ધરમપુર |




**ભગવાન જગન્નાથની પવિત્ર ર**થયાત્રા નિમિત્તે, રોટરી ક્લબ ઓફ દમણ દ્વારા ઝાપાબારમાં રોટરી ઈન્ફોર્મેશન સેન્ટર તરફથી ભક્તો માટે શરબત વિતરણ સેવાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. જેનો લાભ ૩ હજારથી વધુ ભાવિકોએ લીધો હતો. ઉલ્લેખનીય છે કે કલબ પાછલાં પાંચ વર્ષથી રથયાત્રા દરમ્યાન શરબતનું વિતરણ કરે છે. આ પ્રસંગે, રોટરી ક્લબ ઓફ દમણના પ્રમુખ રોટરીયન જયેશ જોશી અને તેમની ટીમ ખડેપગે રહી હતી.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**